ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા-પુષ્પ ૭

# જિનેંદ્રસ્તવનાવલી

—: પ્રકાશક :—

શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪ ૨૫૦ ( સૌરાષ્ટ્ર )

ॐ

ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા-પુષ્પ ૭

શ્રી

# જિનેંદ્રસ્તવનાવલી

卐

—: પ્રકાશક :—

શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦ ( સૌરાષ્ટ્ર )

કિંમત :– રૂા. ૫–૦૦

-: પ્રકાશક :-
-* શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદીર ટ્રસ્ટ *-
સોનગઢ-૩૬૪ ૨૫૦ (સૌરાષ્ટ્ર)

આવૃત્તિ સાતમી : પ્રત ૧૦૦૦

મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી;
મંગલં કુન્દકુન્દાર્યો જૈનધર્મોસ્તુ મંગલમ્.

: મુદ્રક :
અજિત મુદ્રણાલય
એલ. ૮૦૨, જી.આઈ.ડી.સી.
ચિત્રા ભાવનગર-૩૬૪ ૦૦૪



પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજી સ્વામી

# * શ્રી જિનેન્દ્રસ્તવનાવલીનાં સ્તવનોની કક્કાવારી *


| અ | પૃષ્ઠ |
|---|---|
| અકેલાહી હું (શાસ્ત્રભક્તિ) | ૧૦૮ |
| અગર ચંદનનાં જિનદ્વાર | ૧૧૫ |
| અધ્યાત્મ મૂર્તિ શ્રી (શાસનતણા શિરોમણિ) | ૯૪ |
| અમે તો જિનવરનાં સં૦ | ૧૦૦ |
| અરિહંત નમો ભગવંત | ૩૭ |
| અરહંત ભક્તકે સંકટ | ૧૦૫ |
| અહો મારાં નશીબ જાગે | ૫૧ |
| **આ** | |
| આજ પ્રભુ દર્શનસે | ૩૧ |
| આજ લીલા લ્હેર | ૯૬ |
| આવો આવો ગાવોને | ૯૭ |
| આવો આવો હે નેમ પ્રભુજી | ૭૨ |
| આવો ભેટોને શ્રી જિનરાય | ૪૮ |
| **ઉ** | |
| ઉપશમરસ વરસે રે | ૪૨ |
| **એ** | |
| એવા કુંદપ્રભુ અમ | ૩૧ |
| **ક** | |
| કંકુ છાંટી કંકોતરી | ૧૧૮ |
| કુન્દકુન્દાચાર્ય-સ્તુતિ | ૧૨૬ |

| | પૃષ્ઠ |
|---|---|
| કુન્દકુન્દ પ્રભુ વંદ્ય | ૫૮ |
| કુંથનકે પ્રતિપાલ કુંથુ | ૧૩૨ |
| કરમ ભરમ જગ, આદિ | ૧૨૪ |
| કલ્યાણકારી વિમલેશ | ૭૭ |
| કે મારા જિનવરજીની | ૪૯ |
| કે મારા તુમ દર્શનના કોડ | ૫૭ |
| **ગ** | |
| ગિરનારગિરિના વાસી | ૧૮ |
| ગિરિનગરના વાસી નેમ | ૨૦ |
| જ્ઞાનસિન્ધુ ગુરુવદનથી | ૯૦ |
| જ્ઞાનકુતક્કા હાથ | ૧૩૮ |
| **ઘ** | |
| ઘડી ધન આજકી | ૩૬ |
| **ચ-છ** | |
| ચંદ્રાનન જિન | ૧૨૬ |
| ચિતડું હમારું થંભી | ૬ |
| ચિન્મૂરત દગધારી | ૧૩૩ |
| છે પ્રતિમા મનોહારિણી | ૨ |
| **જ** | |
| જાસકે મુખારવિંદતૈં | ૧૨૬ |
| જિનવરદર્શનના જાગ્યા | ૧૨૧ |

| | પૃષ્ઠ |
|---|---|
| જિનવર પૂજારી | ૯૮ |
| જિન નમી અરિહંતા | ૫૯ |
| જિન્હોંકી પ્રજ્ઞામેં | ૧૨૧ |
| જિણંદા મોરા અંતરમેં | ૭૨ |
| જિનજીકો ધ્યાવો ભૈયા | ૭૫ |
| જય જય વાસુપૂજ્ય | ૧૨૭ |
| જય આદિ જિણંદસુચંદ | ૭૪ |
| જય જય પંચકુમાર | ૮૧ |
| જય શ્રી વીરજિનેન્દ્ર | ૧૧૩ |
| જય કેવલ ભાનુ કલા | ૮૬ |
| ,, શિવકામિનીકન્ત | ૧૩૧ |
| જય શ્રીધર શ્રીકર | ૮૮ |
| જય જય મુનિવર વિષ્ણુકુમાર | ૧૦૬ |
| જયદેવ સ્વયં પ્રભુ | ૧૪૩ |
| જ્યાં જોઉં ત્યાં | ૧૧૦ |
| જૈ જગપૂજ્ય | ૧૩૫ |
| **ત** | |
| તારું જીવન ખરું તારું | ૧૯ |
| તુજ પાદપંકજ જ્યાં | ૧૦૯ |
| **દ** | |
| દર્શનસ્તુતિ | ૩ |
| દર્શનપાઠ | ૪ |
| દુખ દોહગ દૂરે ટળ્યાં | ૨૮ |
| દીઠી હો પ્રભુ દીઠી | ૮ |
| દેજો દિલાસા દિલવર | ૧૦૩ |
| દેખોજી ઇક પરમ ગુરુ | ૧૦૭ |
| **ધ** | |
| ધન્ય ધન્ય ક્ષેત્ર મહા૦ | ૧૪ |
| ધન્ય ધન્ય આજનો દિન | ૧૧૧ |
| **ન** | |
| નરેન્દ્ર ફણીંદ્ર | ૮૪ |
| નમો કેવળ નમો | ૧ |
| નમો મલ્લિનાથ | ૭૮ |
| નમી નમીને જિનવર ધ્યાવો | ૭૩ |
| નિરખત જિન ચંદ્રવદન | ૧૨૮ |
| નિર્વાણકાંડ | ૯૨ |
| નેમિજિનેસરે નિજ કારજ | ૧૪૧ |
| નેમિજિનેશ્વર | ૧૩૪ |
| **પ** | |
| પરમેશ્વર પરમાત્મા | ૫ |
| પંચકલ્યાણક પાઠ | ૬૧ |
| પ્રભુ પતિતપાવન | ૪ |

| | પૃષ્ઠ |
|---|---|
| પ્રભુ જિન ભજો | ૩૫ |
| પ્રભુજી તુમને તેજ દિખાયા | ૫૦ |
| પ્રભુનું ધ્યાન ત્યાં હોજો | ૩૬ |
| પ્રભુ શ્રી વીરતણાં ગુણ | ૪૯ |
| પ્રભુ તો થારી | ૧૨૯ |
| પુલકંત નયન ચકોર | ૩ |
| પ્યારા છો પ્રાણથકી | ૪૬ |
| બ | |
| બહુ વિનયથી વંદું | ૮૦ |
| બાળબ્રહ્મચારી જિણંદ | ૧૬ |
| બોધાધાર સર્વે ભવિક જનને | ૭૭ |
| બદો દિગંબર ગુરુ ચરન | ૧૩૬ |
| ભ | |
| ભક્તિ ભેટણુ લઈ આયો | ૫૪ |
| ભયહર (૨) ભજ ભગવાન ધૂન | ૨૮ |
| ભવ્યોરૂપી કમળને | ૫૪ |
| ભવિ ભાવે જિનાલય | ૯૧ |
| ભવિયાં જગાવો સૈયાં | ૧૦૪ |
| મ | |
| મનડું તે મારુ મોકલે | ૧૩ |
| મહાવીર-અષ્ટક | ૧૨૧ |
| મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર | ૫ |

| | પૃષ્ઠ |
|---|---|
| મહાવિદેહના વાસી જિનને | ૧૬ |
| મહાવિદેહી સી૦ પ્ર૦ | ૧૧૭ |
| મહાવિદેહના વાસી વિભુને | ૫૪ |
| મળિયા પદ્મ પ્રભુજી | ૧૦૩ |
| મારે માથે સીમંધરસ્વામી | ૬ |
| મારા જીવનતણી શુદ્ધ | ૨૨ |
| મારા આતમના શણગાર | ૫૦ |
| મેરા જીવકા નાથ જિનંદા | ૭૩ |
| માતા ત્રિશલાકે નંદ, | ૫૩ |
| મીઠી લાગે છે મને | ૫૬ |
| મુક્તિ લેવાને પ્રભુ મેં સેવ્યા | ૯૦ |
| મુક્તિકે પંથ દિખાને | ૯૯ |
| મૂર્તિ નિહાળી પ્રભુ સીમંધર જિનની | ૧૨ |
| મૂર્તિ દિસે છે પ્રભુ આજની | ૪૭ |
| મૈં વિદેહી પ્રભુ મુખચંદ | ૭૪ |
| મૈં તુમ ચરણકમલ | ૮૬ |
| ઋષભ જિનેશ્વર | ૫૧ |
| લેજો લાખેણી સેવા જિનરાય | ૪૮ |
| લેજો સેવા પ્રભુની લેજો | ૧૦૨ |
| વ | |
| વંદો અદ્‌ભુત ચંદ્રવીર | ૧૩૦ |

પૃષ્ઠ

વાગે છે જ્ઞાનવાજાં ૩૨
વિશ્વસેનકુલ ૧૨૩
વીર સભામાં આજ ગૌતમ ૨૪

સ

સફલ હો ધન્ય ધન્ય વા ઘરી ૧૩૯
સહજ ગુણ આગરો ૨૯
સમાધિભાવના ૧૪૦
સમ્મેદગિરિ-સ્તવન ૧૩૪
સાચું પૂછો તો ગુરુજી કહે ૩૪
સુણો ચંદાજી ૧૦
સુખ સમ્યગ્દર્શન ૮૨
સુપ્રતીતે હો કરી થિર ૨૬
સુરેન્દ્ર આસન કંપે ૧૧૭
સુંદર સુવર્ણપુરીમાં ૪૧
સુવર્ણપુરે સીમંધર પ્રભુજી ૫૫
સુવર્ણપુરીમાં સોના સૂરજ ૧૧૨
સુવર્ણપુરી આજ પાવન થઈ છે ૧૧૩
સીમંધર પ્રભુ (સ્થાપના દિન) ૪૩

પૃષ્ઠ

સીમંધરચરણું ૩૯
સીમંધરમુખથી ૩૯
સિદ્ધસ્તુતિ ૧૪૨

શા

શાન્તિ જિનેશ્વર સાચો ૨૧
શાન્તિ સુરત તમારી જોતાં ૨૨
શાસન તણા શિરોમણિ ૯૪

શ્ર

શ્રી સીમંધર જગધણી ૨
,, ,, જિનવરસ્વામી ૯
,, ,, જિણંદા સવિ સુર ૧૧
,, ,, સ્વામીને વિનવું ૧૧૪
,, ગુરુરાજ તેરાં ચરણો ૮૮
,, વીર પ્રભુ જિનરાજ ૫૨
,, શાન્તિ તીર્થેશ સુ ૭૬

સ્વ

સ્વસ્તિ શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં ૧૪
સ્વયં શાન્તિ ચિહ્નં ૬૪
સ્વયંપ્રભુ જિન ૧૪૩

અધ્યાત્મ યુગપ્રવર્તક આત્મજ્ઞસંત પરમપૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીના તેજઃપુંજ આત્માને

## ભાવ નમસ્કાર

अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया ।
चक्षुरून्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥

અમારા જેવા અનેક મુમુક્ષુઓને જેઓશ્રીએ અજ્ઞાનરૂપી અંધકારમાંથી બહાર કાઢી ભવાટવીમાં રખડતા ચક્ષુ કે જે બંધ હતાં તેને જ્ઞાનરૂપી અંજન આંજી ખોલી નાખ્યા છે અને મોક્ષનો માર્ગ સ્પષ્ટ કરી બતાવ્યો છે. તેવા પરમ કૃપાળુ અનંત ઉપકારી પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં પવિત્ર ચરણોમાં અમારા કોટિ કોટિ વંદન.

આવા મહાન ઉપકારી ગુરુનો પાર્થિવદેહ આપણી સમક્ષ નથી અને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિયોગ આપણને અતિશય સાલે છે. હવે આપણને ભગવાન કહી કોણ બોલાવશે? પામરને પ્રભુતા કોણ અર્પશે? વહાલભર્યાં આત્મીય સંબોધન કોણ કરશે? આવા વિચારોથી હૈયું ભરાઈ જાય છે.

ભલે આજે આપણી સમક્ષ પૂજ્ય ગુરુદેવ નથી પરંતુ તેઓશ્રીએ દર્શાવેલ મોક્ષનો માર્ગ તેઓશ્રીની વાણીમાં સચવાયેલો છે. આપણા જેવા ભક્તો માટે પૂજ્યશ્રીની મંગળ

વાણીરૂપી અધ્યાત્મતીર્થ વિદ્યમાન છે. પૂજ્યશ્રીની અનુપસ્થિતિમાં પણ આ વાણીમાં આપણને તારવાની શક્તિ પડી છે. આપણી આવી પાત્રતા પણ પૂજ્ય ગુરુદેવશ્રીની કૃપાને કારણે થઈ શકી છે. તે અનુસાર આત્મભાવના ભાવવી એ જ કર્તવ્ય છે.

પૂજ્યશ્રીનો આ યુગમાં જન્મ થવો એ વાત જ માનવજાત માટે આશીર્વાદરૂપ હતી. જૈનધર્મ કે જે ક્રિયાકાંડની કેદમાં ફસાયેલો હતો તેનું સાચું સ્વરૂપ સમજાવી જૈનધર્મને ક્રિયાકાંડમાંથી મુક્ત કર્યો અને જૈનધર્મ એ વિશ્વધર્મ છે–એમ સમજાવ્યું. દરેક જીવ પોતાની અંદર રહેલી ચૈતન્યતત્ત્વરૂપ આત્મસત્તાની અનુભૂતિ કરી મોક્ષમાર્ગ પ્રાપ્ત કરી શકે છે. આમ ભક્તોને ભગવાન બનવાનો ઉપાય બતાવ્યો. આવા પૂજ્ય ગુરુદેવશ્રીનાં સમયમાં આપણો જન્મ થયો એ પણ આપણા ભવનો કિનારો નિકટ છે એમ સૂચવે છે. અનેક જન્મોના સંચિત પુણ્યોદયે આવા મહાન ગુરુનાં દર્શન થાય છે. અને આપણે તો પૂજ્યશ્રી સાથે રહ્યાં, તેમની વાણી સાંભળી અને ભવપાર થવાની દેશનાનો લાભ મેળવ્યો. આ બધું આપણને મુક્તિપુરીના પંથે જવા માટે પ્રેરણાના પીયુષ પાશે.

આજે જ્યારે સમગ્ર માનવજાતિ ભૌતિક સુખ માટે દોડી રહી છે અને સુવિધાવાળી જિંદગી પ્રત્યે અભિમુખ છે તે સમયે હે ગુરુદેવ! આપે ચૈતન્યતત્ત્વનો મહિમા સમ-

જાગ્યો, અંતર્મુખ પુરુષાર્થ કરવા અમને જાગૃત કર્યા અને અમને ચાર ગતિમાંથી ઉગારી લીધાં. આ આપનો મહદ્ ઉપકાર અમારા બન્ને ઉપર તથા અમારા પરિવાર પર વર્તે છે. પૂજ્ય ગુરુદેવના કૃપા ભાજન બનવા બદલ અમે ધન્યતા અનુભવીએ છીએ.

સં. ૨૦૧૫માં આપની સાથે દક્ષિણયાત્રા કરી હતી. સિદ્ધક્ષેત્ર શ્રી ગિરનારજીની વંદના કરવા ઉપરાંત અનેક કુટુંબીજન સાથે શ્રી સમ્મેદશિખરજી તથા અન્ય જૈન ક્ષેત્રોની યાત્રા પણ અનેકવાર કરી છે. તે ગુરુદેવશ્રી! આપના પ્રતાપે છે.

અમે વતન છોડી પરદેશગમન કર્યું તે બધું વ્યાપાર-આર્થિક ઉપાર્જન અને લૌકિક સુખ અર્થે હતું. છતાં કલ્યાણ માર્ગની અંદરથી ઝંખના તો હતી જ. તે સમયે ચેલાના વતની સ્વ. ધરમશીભાઈ દેવશીભાઈ પૂર્વ આફ્રિકામાં આવેલા અને વાંચન દ્વારા લોકોને પૂજ્ય ગુરુદેવની વાત સમજાવતા. તેમણે આ મહાન ગુરુને ઓળખાવ્યા, દર્શન કરાવ્યા અને તે દ્વારા અમને પૂજ્ય ગુરુદેવ નિરૂપિત તત્ત્વમાં રસ તથા રુચિ ઉત્પન્ન થયાં. માટે અમે તેઓના પણ આભારી છીએ.

પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતીમાતા બહેનશ્રી ચંપાબેનનાં શ્રીમુખેથી ચૈતન્યતત્ત્વનાં રસભરપૂર અમૃત વચનો સાંભળવાનો લાભ પણ અમોને મળ્યો છે. પૂજ્ય ભગવતીમાતા પ્રત્યે પણ ઉપકૃત ભાવથી વંદન કરીએ છીએ.

આ શાસ્ત્રના પ્રકાશનમાં સહભાગી થવાનું મળતાં અમે કૃતાર્થતાની લાગણી અનુભવીએ છીએ.

હે ગુરુદેવ! અનેક રીતે આપનો અમારા ઉપર ઉપકાર વર્તે છે. "અહો! અહો! શ્રી સદ્ગુરુ, કરુણાસિંધુ અપાર; આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર."

હે નિસ્પૃહ કરુણાસાગર ગુરુદેવ! આપના ઉપકારનો બદલો વાળવા અમો અસમર્થ છીએ. ભવોભવ આપશ્રી પ્રત્યે અખંડપણે અમારી ભક્તિ રહો અને ભાવિ તીર્થાધિનાથ શ્રી સૂર્યકીર્તિનાથની ધર્મસભામાં શ્રોતા બનવાનું અહોભાગ્ય અમને પ્રાપ્ત થાય એવી ભાવના ભાવીએ છીએ.

—અમે છીએ આપના દાસાનુદાસ
ભગવાનજી કચરાભાઈ શાહ
શ્રીમતિ ડાહીબેન ભગવાનજી શાહ
મોમ્બાસા (કેન્યા)

## અમારા પૂજ્ય પિતાશ્રી [ શ્રી ભગવાનજી કચરાભાઈ શાહ ] તથા અમારા માતુશ્રી [ શ્રીમતિ ડાહીબેન ભગવાનજી શાહ ] વિષે બે બોલ.

સામાન્ય રીતે કોઈ વ્યક્તિના અવસાન બાદ તેમની સ્મૃતિમાં પુસ્તક પ્રકાશિત કરવાની પ્રણાલિકા આપણા સમાજમાં પ્રચલિત છે. પરંતુ અમારા પરિવારના શિરછત્ર પૂ. પિતાશ્રી ભગવાનજીભાઈ તથા પૂ. માતુશ્રી ડાહીબેન ભગવાનજી શાહની પોતાની ઉપસ્થિતિમાં જ પુસ્તક પ્રકાશિત કરવાની ભાવના હોવાથી અમે આ શાસ્ત્રમાં તેઓશ્રી વિષે બે બોલ લખીએ છીએ.

અમારા પિતાશ્રી મૂળ જામનગર પાસેના ચાંપાબેરાજા ગામના વતની. પરંતુ આર્થિક ઉપાર્જન કરવા ૧૮ વર્ષની ઉંમરે સન ૧૯૨૪માં પરદેશ ગયા અને પૂર્વ આફ્રિકામાં આવેલા કિટાલે ગામમાં તથા પછીથી મોમ્બાસામાં વસવાટ કરી વ્યાપાર ધંધો વિકસાવ્યો. આમ લૌકિક સુખ અર્થે, કુટુંબના કલ્યાણ માટે તેઓશ્રી વતન છોડી પરદેશ આવ્યા અને સંપત્તિનું સુવ્યવસ્થિત રીતે ઉપાર્જન કર્યું અને અમને સહુને આ સંપત્તિના વારસ બનાવ્યા. પરંતુ એમની પાસેથી એ સંપત્તિ કરતાંય વધારે મૂલ્યવાન એવા ધાર્મિક સંસ્કાર તથા આધ્યાત્મિકરૂચિ બની રહે એવી પ્રાપ્ત થયેલ સંસ્કાર મૂડીને અમે સાચો વારસો માનીએ છીએ.

મોમ્બાસા તથા થાણામાં ચાલતા વ્યાપારી કામકાજમાંથી નિવૃત્તિ લઈને પોતે પૂજ્ય ગુરુદેવશ્રીનાં ચરણ સાન્નિધ્યમાં લાંબો સમય રહી શકે તે માટે તેમણે સોનગઢમાં મકાન બંધાવ્યું અને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું તેના માટે જ ૩૦ વર્ષથી સત્ સમાગમ, અભ્યાસ અને જ્ઞાન-વૈરાગ્યના યથાશક્તિ બળ વડે પોતાને આત્માર્થમાં લગાવી રહ્યા છે. સોળ વર્ષ જેવા લાંબા ગાળા સુધી તેઓશ્રી સોનગઢ રહ્યા. તેમના સોનગઢ નિવાસના સમયે અમે સહુ વારાફરતી સોનગઢ આવીને રહીએ અને તે દ્વારા અમારામાં આધ્યાત્મિક તથા ધાર્મિક સંસ્કારોનું બીજારોપણ થાય, અમે સહુ આત્મજાગૃતિના પંથે વળીએ એવો પણ તેઓશ્રીનો શુભ હેતુ આ પાછળ રહેલો હતો.

ત્યાર બાદ તા. ૮-૧૧-૧૯૫૯ના રોજ જામનગરમાં શ્રી દિ. જિન મંદિર માટે શિલાન્યાસ કરવાનો લાભ મળ્યો. સન ૧૯૬૧માં જ તેમની ભાવનાને અનુરૂપ સુંદર ભવ્ય જિનમંદિર કે જે સાતિશય મનોહારી અને ઉત્તમ પ્રકારનું છે તેનો પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ પૂજ્ય ગુરુદેવશ્રીની છત્રછાયામાં થયો હતો.

તા. ૫-૩-૧૯૬૯ના દિવસે આફ્રિકામાં મોમ્બાસામાં શ્રીમદ્ રાજચંદ્ર સ્મૃતિગૃહ બંધાવ્યું. તેમાં સુંદર સજાવટ સહિત આત્મસિદ્ધિ શાસ્ત્ર તથા શ્રી યોગીન્દુદેવ આચાર્યકૃત યોગસારના કેટલાક દોહા દિવાલોમાં કોતરાવ્યા છે. તેમને પરમ કૃપાળુ

શ્રીમદ્ રાજચંદ્રનાં વચનામૃતના નિરંતર અધ્યયનથી પણ પ્રેરણા મળી હતી, તેથી તેમનો પણ ઘણો જ ઉપકાર છે.

તા. ૧૩-૯-૧૯૬૯ના સોનગઢમાં પરમાગમ મંદિરની ભવ્ય રચનાર્થે શિલાન્યાસ કરવાનો લાભ પોતાને તથા કુટુંબીજનોને મળ્યો. આ રીતે ઉત્તરોત્તર સત્ પુરુષની કૃપાને પાત્ર થવાનો લાભ મળ્યા કર્યો છે. તેઓએ કુટુંબીજનોને પણ ખાસ પ્રકારે ધર્મપ્રેમ દ્વારા ધર્મમાં વાળ્યા છે.

પૂજ્ય સદ્ગુરુદેવની તેઓશ્રી પ્રત્યે હંમેશા કૃપાદૃષ્ટિ રહી હતી. અને પૂજ્યશ્રીનાં સત્સંગનો તેઓશ્રીએ ખૂબ લાભ ઉઠાવ્યો હતો. સાથે સાથે જૈનધર્મના શાસ્ત્રોનો તેમણે ઊંડો અભ્યાસ પણ કર્યો છે. તેમના સોનગઢના નિવાસ સમયે અમારા પરિવારના બધાં સભ્યોને પૂજ્ય સદ્ગુરુદેવશ્રીની ભવતાપશામિની મંગળ વાણી શ્રવણ કરવાનો અપૂર્વ લાભ મળ્યો હતો. આમ અમોને અમારા પિતાશ્રી તથા માતુશ્રી તરફથી જૈનધર્મનું સત્ય સ્વરૂપ સમજવા મળ્યું અને ગમે તેવી સંપત્તિ કે જગતના ભૌતિક સુખ હોવા છતાં અમે આધ્યાત્મિક શાંતિના માર્ગે પ્રયાણ કરી શકીએ એવા દૃઢ સંસ્કાર તેઓશ્રી પાસેથી મળ્યા. આમ લૌકિક તેમ જ લોકોત્તર સંસ્કારોનો વારસો તેમણે આપ્યો, અને અમે સહુ પણ આત્મહિતનો માર્ગ અપનાવીશું.

પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતીમાતા બહેનશ્રી ચંપાબેનની સાતિશય જાતિસ્મરણજ્ઞાનવિભૂષિત નિર્વિકલ્પ અનુભૂતિની

પરદેશમાં બેઠાં બેઠાં ફક્ત વાતો સાંભળી હતી. પરંતુ જ્યારે અમને સહુને પૂજ્ય માતાજીનાં દર્શનનો તથા તેમનાં વચનામૃત શ્રવણનો અમૂલ્ય અવસર પ્રાપ્ત થયેલ ત્યારે તેઓશ્રીની પવિત્ર નિર્મળ પરિણતિ વગેરે જોતાં અમે સહુ ખૂબ પ્રભાવિત થયાં હતાં.

મોમ્બાસામાં અમારે ઘરે મંદિર જેવું બનાવીને તેમાં ભગવાન, આચાર્ય, ગુરુદેવશ્રી, શ્રીમદ્ રાજચંદ્ર, પૂજ્ય બહેનશ્રી વગેરેનાં ફોટાઓની તથા જિનવાણીની સ્થાપના કરેલ છે. દરરોજ તથા પર્વના દિવસોમાં પણ પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોની ટેપ, પૂજા, ભક્તિ વગેરે કાર્યક્રમ ચાલે છે. હાલમાં અમારા પિતાશ્રી તથા માતુશ્રી લંડનમાં નિવાસ કરે છે. પૂજ્ય ગુરુદેવશ્રી નાઈરોબી પધારેલાં ત્યારે મોમ્બાસામાં અમારે ઘેર પધારીને અમારા ઘરને પાવન કર્યું હતું અને અમારા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીએ અસીમ કૃપા વરસાવી હતી.

દેવ-ગુરુ-શાસ્ત્રનો આશ્રય પામી, અમને સહુને તથા અમારા વડીલોને આત્મહિત સાધવાની તથા તે દ્વારા મોક્ષમાર્ગરૂપ રત્નત્રયધર્મ પામવાની ઉપાસનાનો મંગળ દીપ પ્રગટી રહો.

—અમે છીએ આપના

| પુત્રીઓ | પુત્રવધુઓ | પુત્રો |
| --- | --- | --- |
| ચંદ્રમણી | સુશીલા | સોમચંદ, લક્ષ્મીચંદ, |
| લીલાવતી | સૂર્યકળા | ભીમજીભાઈ, સુરેશચંદ્ર, |
| મુક્તાગૌરી | પુષ્પા | બિપીનચંદ્ર. |

ૐ

### શ્રી વીતરાગાય નમઃ

ઓંકારં બિંદુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ

તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ,
તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય;
તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય,
તુભ્યં નમો જિન ભવોદધિશોષણાય.

વસ્તુ છંદ

નમો કેવલા નમો કેવલરૂપ ભગવાન,
સુખ ઓમકાર ધૂનિ સુનિ અર્થ ગણધર વિચારૈ;
રચિ આગમ ઉપદિશૈ ભવિક જીવ સંશય નિવારૈ.

## માંગલિક કાવ્યો

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી;
મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોઽસ્તુ મંગલમ્.

સ્તુતિ

છે પ્રતિમા મનોહારિણી દુઃખ હરિ સીમંધર જિણંદની
ભક્તોને છે સર્વદા સુખકરી, જાણે ખીલી ચંદની
આ પ્રતિમાના ગુણ ભાવ ધરીને, જે આતમા ગાય છે,
પામી સઘળાં સુખ તે સ્વરૂપના મુક્તિ ભણી જાય છે.

---

ચૈત્યવંદન

આજ દેવ અરિહંત નમું, સમરું તારું નામ;
જ્યાં જ્યાં પ્રતિમા જિનતણી, ત્યાં ત્યાં કરું પ્રણામ,

---

## શ્રી સીમંધર સ્વામીનું ચૈત્ય વંદન

શ્રી સીમંધર જગધણી, આ ભરતે આવો;
કરુણાવંત કરુણા કરી, અમને વંદાવો. ૧.
સકલ ભક્ત તુમે ધણી, જો હોવે અમ નાથ;
ભવોભવ હું છું તાહરો, નહીં મેલું હવે સાથ. ૨.
સયલ સંગ છંડી કરી, ચારિત્ર લઈશું;
પાય તુમારા સેવીને, શિવરમણી વરશું. ૩.
એ અળજો મુજને ઘણો, પૂરો સીમંધર દેવ;
ઈહાં થકી હું વિનવું, અવધારો મુજ સેવ. ૪.

---

# દર્શન સ્તુતિ

(કવિ ભુધરદાસજી)

(હરિગીત)

પુલકંત નયન ચકોર પક્ષી, હઁસત ઉર ઇંદીવરો,
દુર્બુદ્ધિ ચકવી વિલખ વછુરી, નિબિડ મિથ્યાતમ હરો;
આનંદ અંબુધિ ઉમગિ ઉછર્યો, અખિલ આતપ નિરદલે,
જિનવદન પૂરનચંદ્ર નિરખત, સકલ મનવાંછિત ફલે. ૧.

મમ આજ આતમ ભયો પાવન, આજ વિઘન વિનાશિયા,
સંસાર સાગર નીર નિવડયો, અખિલ તત્ત્વ પ્રકાશિયા;
અબ ભઈ કમલા કિંકરી મમ, ઉભય ભવ નિર્મળ થયે,
દુઃખ જર્યો દુર્ગતવાસ નિવર્યો, આજ નવ મંગલ ભયે. ૨.

મન હરન મૂરતિ હેરિ પ્રભુકી, કૌન ઉપમા લાઈયે,
મમ સકલ તનકે રોમ હુલસે, હર્ષ ઔર ન પાઈયે;
કલ્યાણકાળ પ્રત્યક્ષ પ્રભુકો, લખેં જે સુર નર ઘને,
તિહ કાલકી આનંદ મહિમા, કહત કયોં મુખસોં બને. ૩.

ભર નયન નિરખે નાથ તુમકો, ઔર વાંછા ના રહી,
મન ઠઠ મનોરથ ભયે પૂરન, રંક માનો નિધિ લહી;
અબ હોઉ ભવ ભવ ભક્તિ તુમ્હારી, કૃપા એસી કીજિયે.
કર જોર ભુધરદાસ વિનવે, યહી વર મોહિ દીજિયે. ૪.

# દર્શન પાઠ

( બુધજનજી )

( રાગ હરિગીત )

પ્રભુ પતિતપાવન મૈં અપાવન, ચરન આયો સરનજી
યોં વિરદ આપ નિહાર સ્વામી, મેટ જામનમરનજી;
તુમ ના પિછાન્યા આન માન્યા, દેવ વિવિધ પ્રકારજી,
યા બુદ્ધિસેતી નિજ ન જાણ્યો, ભ્રમ ગિણ્યો હિતકારજી. ૧

ભવ વિકટવનમેં કુમતિ વૈરી, જ્ઞાનધન મેરો હર્યો,
તબ ઈષ્ટ ભૂલ્યો ભ્રષ્ટ હોય, અનિષ્ટ ગતિ ધરતો ફિર્યો;
ધન ઘડી યો ધન દિવસ યો હી, ધન જનમ મેરો ભયો,
અબ ભાગ મેરો ઉદય આયો દરશ પ્રભુકો લખ લયો. ૨

છબિ વીતરાગી નગનમુદ્રા, દૃષ્ટિ નાસાપૈં ધરૈં,
વસુ પ્રાતિહાર્ય અનંત ગુણયુત, કોટિ રવિ છવિકો હરૈં;
મિટ ગયો તિમિર મિથ્યાત્વ મેરો, ઉદય રવિ આતમ ભયો,
મો ઉર હરખ ઐસો ભયો, મનુ રંક ચિંતામણિ લયો. ૩

મૈં હાથ જોડ નવાય મસ્તક, વીનવું તુમ ચરનજી,
સર્વોત્કૃષ્ટ ત્રિલોકપતિ જિન સુનહુ તારન તરનજી;
જાચૂં નહીં સુરવાસ પુનિ નરરાજ પરિજન સાથજી,
'બુધ' જાચહૂં તુમ ભક્તિ ભવ ભવ, દીજિયે શિવનાથજી. ૪

## શ્રી પરમાત્માનું ચૈત્ય વંદન

પરમેશ્વર પરમાત્મા, પાવન તું પરમિટ્ઠ;
જય જગગુરુ દેવાધિદેવ, નયણે મેં દિટ્ઠ. ૧
અચલ અકલ અવિકાર સાર, કરુણારસ સિંધુ;
જગતી જન આધાર એક; નિષ્કારણ બંધુ. ૨
ગુણ અનંત પ્રભુ તાહરા, કિમહી કળ્યા ન જાય;
સેવક પ્રભુ જિન ધ્યાનથી, ચિદાનંદ સુખ થાય. ૩

---

## શ્રી સીમંધર સ્વામીનું સ્તવન.

મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામી, સોનાનું સિંહાસનજી,
રત્નનાં ત્યાં છત્ર બિરાજે, રત્નમણિના દીવા દીપેજી,
કુંકુમ વરણી ત્યાં ગહુંળી બિરાજે, મોતીના અક્ષર સારજી,
ત્યાં બેઠા સીમંધર સ્વામી, બોલે મધુરી વાણીજી,
કેસર ચંદન ભર્યાં કચોળાં, અષ્ટ પ્રકારી પૂજાજી,
પહેલી પૂજા અમારી હોજો, ઉગમતે પ્રભાતેજી.

---

## સીમંધર સ્વામી સ્તવન.

( રાગ–પ્રભાતીઆનો )

શૃણુત સીમંધરા, પ્રણમી નિજ કંધરા;
વળી વળી તુજ ચરણ સેવ માગું.—શૃણુત૦ ૧
પ્રભુ ચરણ સેવના; ચિત્ત પ્રસન્ને કરે;
અધિકારી ભવિ ભાગ્યશાળી.—શૃણુત૦ ૨

કરમદળ ચૂરવા, નિજ ગુણો પૂરવા;
પ્રહ ઊઠી પ્રતિદિને પાય લાગું.—શૃણુત૦ ૩
કર કૃપા દાસ પર, દુઃખ બધાં નાશ કર,
સુખ દિયો મોક્ષનું મે અથાગું. શૃણુત૦ ૪
જ્ઞાન મુજ આતમા, ખોલ પરમાતમા;
સકલ શક્તિ સ્વભાવે હું જાગું.—શૃણુત૦ ૫

---

## શ્રી જિન સ્તવન.

મારે માથે સીમંધર સ્વામી અખંડ મારી રક્ષા કરે,
એ રક્ષકના ઉગ્ર રૂપવાળા આવી કસોટી કપરી કરે.
મને ચિંતા કરવા ન કદિ દેતા પ્રસન્ન મને રાખ્યા કરે,
એની કરુણાનો ધોધ નિત્ય વ્હેતો કલ્યાણ સાચું બોધ્યા કરે.
કદિ ઊતરું જો મારગે આડે તો સત્ય પંથ ચિંધ્યા કરે,
મને પડવા ન દે કદિ ખાડે સહાય સાથ આપ્યા કરે.
નાથ શ્રદ્ધાનાં પારખાં લેતા ને તોય શક્તિ આપ્યા કરે,
ધુડમાંથી કનક કરી દેતા કે દિવ્ય પ્રભુ શક્તિ ખરી.

---

## પ્રભુ દર્શનથી ચિત્ત થંભી ગયા વિષે

ચિત્તડું હમારું થંભી ગયું, ત્યાં પ્રભુનું દર્શન મળી ગયું;
જીવન હમારું શુદ્ધ થયું ત્યાં, પ્રભુ ભજનમાં ભળી ગયું.
કર્મ ન ફાવે પ્રભુના રાગે, પાપ સકળ પ્રભુ ધ્યાને ભાગે.
આતમ ધન મને મળી ગયું. ચિત્તડું...

ભક્તિથી પ્હોંચે મુક્તિ કિનારે; ચઢે છે દિલડું જ્ઞાન મિનારે
અજ્ઞાન હમારું ઢળી ગયું. ચિત્તડું....
પ્રભુ ભજી કરો ભવથી કિનારા; અમૂલ્ય જિનવર મલ્યા દિલારા,
દારિદ્ર સઘળું ટળી ગયું. ચિત્તડું....
દેવ ભવોભવ જિનવર હોજો, અંતર રહી અંતર મલ ધોજો
ભ્રમણા દુઃખ ત્યાં ટળી ગયું. ચિત્તડું....
સીમંધર જિનજી દર્શન કરીને, આતમ ગુણથી દિલ ભરીને,
ભક્તોતણું ચિત્ત હળી ગયું. ચિત્તડું....

---

## શ્રી જિનજીની ચરણ પૂજા

હે જિનરાજ તુમારા ચરણ કમળની પૂજના,
હૃદય ઉલસિત થાય કે ભાગ્ય માનું ઘણું રે—હે
હે જગનાથ તુમે તો છો ત્રિભુવનના નાથજો,
અનંતગુણની રત્નધારાએ સોહતા રે—હે
વિશ્વઉપદેષ્ટા છો જગતારણહારજો,
જન્મ જરા વિણ ગુણનિધિ લોકેશ્વરા રે—હે
દર્શન તાહરા પ્રભુ અનંત મોંઘા મૂલના,
આપ કૃપાએ વરસ્યા અમૃત મેહુલા રે—હે
પરમ રહસ્ય પ્રભુ આતમજ્ઞાન નિધાન જો,
રત્નત્રયીમય પ્રભુ પધાર્યા આંગણે રે—હે
ધન્ય દિવસ ને ધન્ય કૃતાર્થ હું આજ જો,
જય જય વર્તો જગગુરુ તણી સેવના રે—હે

---

## પ્રભુ દર્શનથી ઉલ્લાસ વિષે.

( સુણજો હો પ્રભુ–એ દેશી )

દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ તુજ,
મૂરતિ હો પ્રભુ મૂરતિ મોહન વેલડીજી;
મીઠી હો પ્રભુ મીઠી તાહરી વાણ,
લાગે હો પ્રભુ લાગે જેસી સેલડીજી. ૧
જાણું હો પ્રભુ જાણું જન્મ કૃતાર્થ,
જો હું હો પ્રભુ જો હું તુમ સાથે મિલ્યોજી;
સુરમણિ હો પ્રભુ સુરમણિ પામ્યો હાથ,
આંગણે હો પ્રભુ આંગણે મુજ સુરતરુ ફલ્યોજી. ૨
જાગ્યા હો પ્રભુ જાગ્યા પુણ્ય અંકુર,
માગ્યા હો પ્રભુ મુહ માગ્યા પાસા ઢલ્યાજી.
વૂઠયા હો પ્રભુ વૂઠયા અમીરસ મેહ,
નાઠા હો પ્રભુ નાઠા અશુભ શુભ દિન વલ્યાજી. ૩
ભૂખ્યા હો પ્રભુ ભૂખ્યા મિલ્યા ઘૃતપૂર,
તરસ્યા હો પ્રભુ તરસ્યા દિવ્ય ઉદક મિલ્યાજી;
થાકયા હો પ્રભુ થાકયા મિલ્યા સુખપાલ,
ચાહતાં હો પ્રભુ ચાહતાં સજ્જન હેજે હલ્યાજી ૪
દીવો હો પ્રભુ દીવો નિશા વન ગેહ,
સાખી હો પ્રભુ સાખી[1] થલે[2] જલનૌકા[3] મલીજી

---

૧. આમ્રવૃક્ષ. ૨. મરૂભૂમિમાં ૩. પાઠાંતર સાથી હો પ્રભુ સાથી થલે જળનૌકા મિલીજી.

કલિયુગે હો પ્રભુ કલિયુગે દુલ્લહો મુજ,
દરિશણ હો પ્રભુ દરિશણ લહ્યું આશા ફળીજી. ૫
સેવક હો પ્રભુ સેવક ચરણનો દાસ,
વિનવે હો પ્રભુ વિનવે સીમંધર સુણોજી,
[1]કંઈયે હો પ્રભુ કંઈયે મ દેશો છેહ,
દેજો હો પ્રભુ દેજો સુખ દરિશણ તણોજી. ૬

---

## ૧–સીમંધર પ્રભુને વિનતી

( સિદ્ધચક્ર પદ વંદો—એ દેશી. )

શ્રી સીમંધર જિનવર સ્વામી, વિનતડી અવધારો
શુદ્ધ ધર્મ પ્રગટયો જે તુમચો, પ્રગટો તેહ અમારો રે
સ્વામી, વિનવિયે મન રંગે. ૧
જે પરિણામિક ધર્મ તુમારો, તેહવો અમચો ધર્મ;
શ્રદ્ધા-ભાસન-રમણ વિયોગે, વલગ્યો વિભાવ અધર્મ રે
સ્વામી, વિનવિયે મન રંગે ૨
વસ્તુ સ્વભાવ સ્વજાતિ તેહનો, મૂલ અભાવ ન થાય;
પરવિભાવ અનુગત પરિણતિથી, કર્મે તે અવરાય રે
સ્વામી, વિનવિયે મન રંગે. ૩
જે વિભાવ તે પણ નૈમિત્તિક, સંતતિભાવ અનાદિ;
પરનીમિત્ત તે વિષય સંગાદિક, તે સંયોગે સાદિ રે
સ્વામી, વિનવિયે મન રંગે. ૪

---

૧. પાઠાંતર કહીએ.

અશુદ્ધ નિમિત્તે એ સંસરતા, [1]અત્તા [2]કત્તા પરનો;
શુદ્ધ નિમિત્ત રમે જબ ચિદ્દઘન, કર્તા ભોક્તા ઘરનોરે
સ્વામી, વિનવિયે મન રંગે. ૫

જેના ધર્મ અનંતા પ્રગટ્યા, જે નિજપરિણતિ વરિયો;
પરમાતમ જિનદેવ અમોહી, જ્ઞાનાદિક ગુણ દરિયોરે
સ્વામી, વિનવિયે મન રંગે. ૬

અવલંબન ઉપદેશક રીતે, શ્રી સીમંધર દેવ;
ભજીએ શુદ્ધ નિમિત્ત અનોપમ, તજીએ ભવભય ટેવરે
સ્વામી વિનવિયે મન રંગે. ૭

શુદ્ધ દેવ અવલંબન કરતાં, પરહરિયે પરભાવ;
આતમ ધર્મ રમણ અનુભવતાં, પ્રગટે આતમ ભાવરે
સ્વામી, વિનવિયે મન રંગે. ૮

આતમગુણ નિર્મળ નીપજતાં, ધ્યાન સમાધિ સ્વભાવે;
પૂર્ણાનંદ સિદ્ધતા સાધી, દેવચંદ્ર પદ પાવે રે
સ્વામી, વિનવિયે મન રંગે. ૯

---

## શ્રી સીમંધર પ્રભુને ચાંદલીયા સાથે સંદેશ

સુણો ચંદાજી સીમંધર પરમાતમ પાસે જાજો,
મુજ વિનતડી પ્રેમ ધરીને એણી પરે તુમ સંભળાવજો;
જેની કંચન વરણી કાયા છે, જસ ધોરી લંછન પાયા છે,
પુંડરીકગિરિ નગરીનો રાયા છે..................સુણો૦ ૧

---

૧. આત્મા. ૨. કર્તા.

જે ત્રણ ભુવનનો નાયક છે, જસ સોએ ઈંદ્રો પાયક છે;
જ્ઞાન દરિસણ જેહને ક્ષાયક છે..................સુણો૦ ૨
બાર પર્ષદા માંહી બિરાજે છે, મહા મંગળ અતિશય છાજે છે;
દિવ્ય ધ્વનિના નાદે ગાજે છે..................સુણો૦ ૩
ભવિજનને તે પ્રતિબોધે છે, તુમ અધિક શીતળ ગુણ સોહે છે;
રૂપ દેખી ભવિજન મોહે છે..................સુણો૦ ૪
તુમ સેવા કરવા રસીયો છું, પણ ભરતમાં દુરે વસીયો છું;
પણ ભાવેથી નજીક વસિયો છું..................સુણો૦ ૫

---

## શ્રી સીમંધર સ્તુતિ

શ્રી સીમંધર જિનંદા સવિસુરવૃંદા,
સેવે આનંદા દયાનિધિ મહારાજ;
ઉપશમ રસ કંદા, સુખ પૂનમચંદા,
ભવભય ફંદા કાટન તું જિનરાજ. શ્રી૦
દર્શન પામી આજ તુમારું,
જાગ્યા રે પુણ્ય અંકુર;
શાંત સુધારસ સિંચન કરતી,
મૂર્તિ અમીરસ પૂર રે;
એ શિવસુખ મ્હાલી મુજ મન વ્હાલી,
ભવ સિન્ધુ માંહિ પાજ. શ્રી૦ ૧
સુરમાંહિ જિમ સુરપતિ સોહે,
નદી માંહે જિમ ગંગ;

તરુ માંહે જિમ ચંદન સોહે,
દેવમાં તું જિન ચંગરે;
મુજ સવિ દુઃખ કાપો પ્રભુ સુખ આપો
શિવસુખના શિરતાજ. શ્રી૦ ૨
સમરથ સાહિબ નાથ હમારો,
પામ્યો છે અતિ ઉદાર;
મન વિશરામી પ્રીતમ મ્હારો,
આતમનો આધાર રે;
એ પ્રભુ હમારા અંતર પ્યારા,
ભાવે વંદુ જિન આજ. શ્રી૦ ૩

---

## શ્રી સીમંધર જિન સ્તવન

(રાગ-ભમરીયા કૂવાને કાંઠડે)

મૂર્તિ નિહાળી, પ્રભુ સીમંધર જિનની;
દેખી મારું દિલ હરખાય રે. (એ ચાલ.)
અલખ નિરંજન રૂપ છે તુમારું;
ક્ષણે ક્ષણે ધ્યાન ધરું જિનજી તુમારું;
જોઈ જોઈ હરખ ન માય રે. મૂર્તિ૦ ૧
પંચમ કાળે તારો મહિમા છે ભારી,
ભક્ત જનો ને સવિસુખ કરનારી;
પાપ ચૂરણ મહારાય રે, મૂર્તિ૦ ૨

નિર્મળ જ્ઞાન મુદ્રા શોભે છે સારી,
અર્ધ પદ્માસને દેખો મનોહારી;
દેખી મુજ દિલ વિકસાય રે. મૂર્તિ૦ ૩

---

## શ્રી સીમંધર સ્વામી પ્રત્યે સંદેશ

મનડું તે મારું મોકલે, મારા વ્હાલાજી રે;
શશધર સાથે સંદેશ, જઈને કેજો મારા વ્હાલાજીરે.
ભરતના ભક્તને તારવા-મા૦ એકવાર આવોને આ દેશ. ૧
પ્રભુજી વસો પુષ્કલાવતી-મા૦ મહાવિદેહ ક્ષેત્ર મોઝાર, જઈને
પુરી રાજે પુંડરગીરી મા૦ જીહાં પ્રભુનો અવતાર. જઈને. ૨
શ્રી સીમંધર સાહેબા-મા૦ વિચરંતા વીતરાગ, જઈને
પ્રતિબોધો બહુ પ્રાણીને-મા૦ તેહનો પામે કોણુ તાગ. જઈને. ૩
મન જાણે ઊડી મળું-મા૦ પણ પોંચે નહીં પાંખ, જઈને
ભગવંત તુમ જોવા ભણી-મા૦ અલજા ધરે બેઉ આંખ. ૪
દુર્ગમ મોટા ડુંગરા-મા૦ નદી નાળાંનો નહિં પાર, જઈને
ઘાટીની આંટી ઘણી-મા૦ અટવી પંથ અપાર. જઈને. ૫
કાગળીઓ કેમ મોકલું-મા૦ હોંશ તો નિત્ય નવલી હોય,
લખું જે જે લેખમાં-મા૦ લાખ ગમે અભિલાખ. જઈને. ૬
લોકાલોક સ્વરૂપના-મા૦ જગતમાં તમે છો જાણ, જઈને
જાણ આગે શું જણાવીએ-મા૦ આખર અમે અજાણ. ૭

---

## શ્રી સીમંધર જિન સ્તવન

ધન્ય ધન્ય ક્ષેત્ર મહાવિદેહજીરે, ધન્ય પુંડરિગિરી ગામ
ધન્ય તિહાંના માનવીજી, નિત્ય ઊઠી કરે રે પ્રણામ—
સીમંધર સ્વામી કયારે રે, હું મહાવિદેહ આવીશ.
જયવંતા જિનવર કયારે રે, હું તમને વાંદીશ. સી. ૧
ચાંદલિયા સંદેશડોજી, કહેજો સીમંધર સ્વામ;
ભરતક્ષેત્રના માનવીજી, નિત્ય ઊઠી કરે રે પ્રણામ. સી. ૨
સમવસરણ દેવે રચ્યું તિહાં, સો એ ઇન્દ્ર નરેશ;
સોનાતણે સિંહાસન બેઠા, ચામર છત્ર ધરેશ. સી. ૩
રાયને વહાલા ઘોડલાજી, વેપારીને વહાલા છે દામ;
અમને વહાલા સીમંધર સ્વામી, જેમ સીતાને શ્રીરામ. ૪
નહિં માગું પ્રભુ રાજ્યઋદ્ધિજી, નહિં માગું ગરથ ભંડાર;
હું માગું પ્રભુ એટલુંજી, તુમ પાસે અવતાર. સી. ૫
દેવે ન દીધી પાંખડીજી, કેમ કરી આવું હજુર?
મુજરો મારો માનજોજી, પ્રહ ઉગમતે સૂર. સી. ૬
તુમ સેવકની વિનતિજી, માનજો વારંવાર;
બે કર જોડી વિનવુંજી, વિનતડી અવધાર. સી. ૭

---

## શ્રી સીમંધર પ્રભુને કાગળ

(રાગ—ધોળ)

સ્વસ્તિ શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં જીહાં બિરાજે તીર્થંકર વીશ,
તેને નમાવું શીશ, કાગળ લખું નાથજી. ટેક. ૧

સ્વામી જઘન્ય તીર્થંકર વીશ છે, ઉત્કૃષ્ટા એકસો સીંતેર,
તેમાં નહિ ફેર, કાગળ લખું નાથજી. ૨.

સ્વામી ગંધ હસ્તિસમ ગાજતા, ત્રણલોક તણા પ્રતિપાળ,
છો દીન દયાળ, કાગળ લખું નાથજી. ૩.

સ્વામી કાયા સુકોમળ શોભતી, શોભે સુંદર સોવન વાન,
કરું પરણામ, કાગળ લખું નાથજી. ૪.

સ્વામી ગુણ અનંતા છે આપના, એક જીભે કહ્યાં કેમ જાય?
લખ્યા ન લખાય, કાગળ લખું નાથજી. ૫.

ભરત ક્ષેત્રથી લખીતંગ જાણજો, આપ દર્શન ઇચ્છક દાસ,
રાખું તુમ આશ, કાગળ લખું નાથજી. ૬.

મેં તો પૂર્વમાં ખામી રાખી ઘણી, જેથી તુમ દર્શન રહ્યા દૂર,
ન પોંચું હજુર, કાગળ લખું નાથજી. ૭.

મારા મનમાં સંદેહ અતિ ઘણા, આપ વિના કહું કિહાં જાય?
અંતર અકળાય, કાગળ લખું નાથજી. ૮.

આડા પહાડ પર્વતો ને ડુંગરા, જેથી નજર નાખી નવ જાય,
દર્શન કેમ થાય? કાગળ લખું નાથજી. ૯.

સ્વામી કાગળ પણ પહોંચે નહિ, નહિ નહિ પહોંચે સંદેશો કે સાંય,
હું તો રહું આંય, કાગળ લખું નાથજી. ૧૦.

દેવે પાંખ આપી હોયે પિંડમાં, ઊડી આવું દેશાવર દૂર,
તો પહોંચું હજુર, કાગળલખું નાથજી. ૧૧.

સ્વામી કેવળજ્ઞાને કરી દેખજો, મારા આતમના છો આધાર,
ઉતારો ભવ પાર, કાગળ લખું નાથજી. ૧૨.

ઓછું અધિક પ્રભુજી જે લખ્યું, માફ કરજો જરૂર જિનરાય.
લાગું તુમ પાય, કાગળ લખું નાથજી, ૧૩.

સંવત ઓગણીસે સતાણું સાલમાં ભક્તજન હર્ષે ગુણ ગાય,
પ્રણમી પ્રભુ પાય, કાગળ લખું નાથજી. ૧૪.

---

## શ્રી સીમંધર જિનને કરોડો પ્રણામ વિષે

મહાવિદેહના વાસી જિનને, કરોડો પ્રણામ. જિનને૦

આદિ જિનવર જગજન સ્વામી, તુમ દરશનથી શિવસુખ ગામી
થયા છે અનંત. જિનને૦ ૧

મૂરતિ તુમારી મનહરનારી, મિલે નહીં જગજોડ તુમારી;
દિવ્ય શરીરી દેખી. જિનને૦ ૨

પુન્ય ઉદયથી નરભવ પાયો, સીમંધર પ્રભુનો જોગ સુહાયો;
ભવજલ તરવા કાજ. જિનને૦ ૩

પંચમકાળે તરવા કાજે, તીરથ પ્યારૂં જગમાંહી ગાજે;
સેવો એ સુખધામ. જિનને૦ ૪

---

## શ્રી નેમપ્રભુ મહિમા વિષે

બાળ બ્રહ્મચારી જિણંદ પદ ધારી,
સેવે સુરનર ચંદા રે;

ગિરનાર ગિરિ નેમનાથ બિરાજે,
ભેટંત ટળે ભવ ફંદા રે. બાળ૦

બાળ બ્રહ્મચારી વિષય નિવારી,
નિસ્નેહી ગુણરાયા રે;
સચિત્ત પુદ્ગલ ભોગ ક્ષીણ જાણી,
સંયમ લીધો ગિરનારી રે. બાળ૦

જિણંદ પદ ધારી રાગદ્વેષ નિવારી,
ઘાતિ કરમ ક્ષય કારી રે;
સહેસાવને કેવળ પ્રગટાવી,
કલ્યાણ મંગલ જયકારી રે. બાળ૦

ઇન્દ્રાદિક સુર અસંખ્ય આવે,
સમવસરણ વિરચાવે રે;
પ્રર્ષદા બાર મિલે તિહાં વેગે,
દેશના જિનજી સુણાવે રે. બાળ૦

ભેટંતા ટળે ભવ ફંદા.
આતમ જ્ઞાને રાચો રે;
શુકલ શુકલ પર્યાય ગ્રહીને,
શુદ્ધ પરિણતિમાં રાચો રે. બાળ૦

અયોગી ગુણસ્થાન ગ્રહીને,
જોગાતીત પદ લીધો રે;
સમશ્રેણી છે પાંચમી ટૂંકે,
આત્મપ્રદેશ ઘન કીધો રે. બાળ૦

ગિરનાર ગિરિ પર નેમ જિણંદકી,
કલ્યાણિક ત્રણ ભૂમી રે;
જ્ઞાન શીતલ ગુણ રાગે ગાઈ,
અંતર આતમ પાઈ રે. બાળ૦

---

## શ્રી નેમપ્રભુને કરોડો પ્રણામ

ગિરનાર ગિરિના વાસી જિનને કરોડો પ્રણામ,
પ્રભુને કરોડો પ્રણામ.

નેમિ જિનેશ્વર આનંદદાયી,
ધ્યાતા ભવિજન કર્મ ખપાઈ;
પાસે છે શિવધામ, જિનને કરોડો પ્રણામ. ગિરનાર૦

સાચો લાહો શિવનો લેવા;
રાજુલને સંદેશો દેવા;
તોરણ આવ્યા શ્યામ, જિનને કરોડો પ્રણામ. ગિરનાર૦

આત્મિક દાન જિણંદે દીધું,
સહસાવનમાં સંયમ લીધું;
પામ્યા કેવલજ્ઞાન, જિનને કરોડો પ્રણામ. ગિરનાર૦

દેવાધિદેવ અહો પ્રભુ મારો,
એક આશરો મારે તારો;
તુંહી એક આધાર, જિનને કરોડો પ્રણામ. ગિરનાર૦

ભવ ભ્રમણા દુઃખથી પ્રભુ થાકયો,
મોક્ષસુખ પ્રભુ નિકટ આયો;
હવે નથી. કાંઈ વાર, જિનને કરોડો પ્રણામ. ગિરનાર૦

આત્મ ભૂમિમાં જિનવર સેવા,
આપે મીઠા મુક્તિ મેવા;
આત્મ વરે શિવનાર, જિનને કરોડો પ્રણામ. ગિરનાર૦

---

## શ્રી વીતરાગનું ખરું જીવન

(રાગ–મારું વતન આ મારું વતન)

તારું જીવન ખરું તારું જીવન,
જીવી જાણ્યું નેમનાથે જીવન;
સુતાં રે જાગતા બેસતાં ઊઠતાં,
હૈડે રહે તારું ખૂબ રટન. તારું૦

અશરણ જગતને શરણે કરવા,
થયું સુરાલયમાંથી ચવન. તારું૦

જન્મ જરા મરણોથી દુઃખી જગ,
પેખી જન્મ્યા તુમે ભરતે ભુવન. તારું૦

સ્વરૂપ પૂર્ણ કરવા કાજે,
ગ્રહી સંયમ કુળ કીધું પાવન. તારું૦

ઘોર ઉપદ્રવો સહી મારા જિનજી,
પામી કેવલ જોયું આત્મ ભુવન. તારું૦

લોક અલોકનાં તત્ત્વ પિછાણી,
પામ્યા શિવ પ્રભુ ગીત ગાવન. તારું૦
મહાનન્દામૃત સ્થાન મહોદય,
પાયા અમૃત સિદ્ધિ સુમન. તારું૦
ગિરી ગુફામાં નેમ પ્રભુજી,
સંયમ કેવળ શિવ રમન. તારું૦
કથનાક્ષરી અક્ષર ન પાવે,
અનંત ગુણાક્ષરી તારું લેખન. તારું૦
ગિરિનગરના વીતરાગ સ્વામી,
દર્શન દ્યોને નાથ દયાળ. તારું૦

---

## ધન્ય જીવન

(રાગ–ઓધવજી સંદેશો.)

ગિરી નગરના વાસી નેમ જિણંદજી,
થયાં પ્રભુનાં કલ્યાણિક ત્રણ ગિરનારજો;
તુજ દરશનથી મારું મન પ્રસન્ન થયું,
પૂરો પ્રભુજી શિવપુરની મુજ આશ જો. ગિરી. ૧
શાસન પ્રભુનું સર્વ ધર્મ શિરે વસે,
સ્યાદ્વાદ ને સાત નયનો વાસ જો;
રત્નત્રયીના ગુણ અનંતા જ્યાં રહ્યાં,
ધર્મ ભાવમાં દિલ થયું મમ લીનજો. ગિરી. ૨
તારા મતમાં સદ્યુક્તિ પ્રગટી રહી.
માનું તારા શ્રુત સાગરની લહેરજો;

અખંડ લહેરમાં હર્ષે જે નાચી રહ્યા,
લેશે ઝટપટ શિવપુર સુંદર શહેર જો. ગિરી. ૩
આત્મ મહેલમાં સ્થાપ્યા જેણે જિનવરો,
તેના ઘટમાં સર્વ શક્તિ પ્રકાશ જો;
ભવોભવ હોજો મુજ મન તુજ પદપંકજે,
પદ સેવાથી શિવલક્ષ્મી વિલાસ જો. ગિરી. ૪

---

## શાંતિનાથ ભગવાનનો મહિમા

શાંતિજિનેશ્વર સાચો સાહિબ, શાંતિકરણ અનુકુલમેં હો જિનજી

તું મેરા મનમેં તું મેરા દિલમેં,
ધ્યાન ધરૂં પલપલમેં સાહેબજી તું મેરા૦ ૧. ધ્યાન ધરૂં.

ભવમાં ભમતાં મેં દરિશન પાયો,
આશા પૂરો એક પલમેં હો જિનજી તું મેરા૦ ૨. ધ્યાન ધરૂં.

નિરમલ જ્યોત વદનપર સોહે,
નિકસ્યો જ્યું ચંદ વાદળમેં હો જિનજી તું મેરા૦ ૩. ધ્યાન ધરૂં.

મેરો મન તુમ સાથે લીનો,
મીન વસે જ્યું જળમેં સાહેબજી, તું મેરા૦ ૪. ધ્યાન ધરૂં.

જિન રંગ કહે પ્રભુ શાંતિજિનેશ્વર,
દીઠોજી દેવ સકળમેં હો જિનજી તું મેરા૦ ૫. ધ્યાન ધરૂં

---

## શ્રી શાંતિપ્રભુને શિર ઝૂકે

શાંતિ સૂરત તમારી જોતાં, શિર ઝુકે મુજ લળી લળીને,
સુવર્ણપુરીમાં આજ નિહાળી, હૈયડું હરખે હળી હળીને;
શાંતિ૦ ૧.

તેજ સરોવર મુખ પર દીઠાં, લાગે ભવિના હૃદયમાં મીઠાં,
દર્શન અમૃત પીધું સુખેથી, નયન કટોરા ભરી ભરીને;
શાંતિ૦ ૨,

અમોને આશા પ્રભુ તમારી, તુમ દર્શને હર્ષ અપારી,
મહેર કરો પ્રભુ હવે અમો પર, મોહ દહે મુજ છળી છળીને;
શાંતિ૦ ૩.

વિશ્વસેન અચિરાજીકે નંદન, તોડો હમારા કર્મોના ફંદન,
આત્મિક આનંદ લહું અનંતો, કતલ કર્મોની કરી કરીને;
શાંતિ૦ ૪.

આત્મ-ભૂમિમાં શક્તિ લેવા, પ્રેમે કરું જિન-ચરણોની સેવા,
સેવાના મીઠા મેવાને પામી, મુક્તિ ચહું કર્મ હરી હરીને;
શાંતિ૦ ૫.

---

## શ્રી પ્રભુજી પધારવા વિષે

(રાગ—શેરી વળાવી સજ્જ કરું ઘેર આવોને)

મારા જીવન તણી શુદ્ધ શેરીએ પ્રભુ આવોને,
હું તો જોઉં વાલમની વાટ મારા ઘેર આવોને;

મારા ચંદનના ચિત્ત ચોકમાં પ્રભુ આવોને,
મારા આતમ સરોવર ઘાટ—મારા૦

મેં છોડી સ્વછંદતા માહરી પ્રભુ૦
દેવ ચરણે કર્યું દિલ ડુલ—મારા૦

હું જ્યોત જગાવું પ્રેમની પ્રભુ૦
હરિ વેર્યાં આનંદનાં ફૂલ—મારા૦

મને વ્યાપી વિરહ તણી વેદના પ્રભુ૦
મારાથી ખમી ન ખમાય—મારા૦

મારે એક ઘડી એક યુગ થઈ પ્રભુ૦
દેવ દરશન દેવાને દયાળ—મારા૦

જ્ઞાનનિધિ જ્ઞાન પ્રગટાવવા પ્રભુ૦
મને પાવન કરો ધરી પાદ—મારા૦

તમે મારા નયનના તારલા પ્રભુ૦
મારા હૈયાના અણુમૂલા હાર—મારા૦

આ ત્રિવિધ તાપને ટાળવા પ્રભુ૦
સંત સેવક તણા શણગાર—મારા૦

---

## શ્રી તીર્થ નમન.

ત્રણ કલ્યાણિક તીહાં થયા, મુગતે ગયા રે;
નેમીશ્વર ગિરનાર, તીરથ તે નમું રે.
સમેતશિખર સોહામણો, રળીયામણો રે;
સિદ્ધા તીર્થંકર અનંત, તીરથ તે નમું રે.

નગરી ચંપા નિરખીયે, હૈયે હરખીયે રે;
સિદ્ધા શ્રી વાસુપૂજ્ય, તીરથ તે નમું રે.
પૂર્વ દિશે પાવાપુરી, ઋદ્ધે ભરી રે;
મુક્તિ ગયા મહાવીર, તીરથ તે નમું રે.
શત્રુંજય ઋષભ સમોસર્યા, ભલા ગુણ ભર્યા રે;
સિદ્ધા મુનિશ્વર અનેક, તીરથ તે નમું રે.
અષ્ટાપદ એક દેહરો, ગિરિ સેહરો રે;
ભરતે ભરાવ્યા બિંબ, તીરથ તે નમું રે.
શાશ્વતિ અશાશ્વતિ, પ્રતિમા છતી રે;
સ્વર્ગ મૃત્યુ પાતાલ, તીરથ તે નમું રે.
સુવર્ણપુરી સોહામણી, રળીયામણી રે;
બિરાજે સીમંધરદેવ, તીરથ તે નમું રે.
બિરાજે દેવગુરુશાસ્ત્ર, તીરથ તે નમું રે.

---

## દિવ્ય ધ્વની

વીર સભામાં આજ ગૌતમ પધાર્યા, અમૃત વરસ્યા મેહ રે;
વીરજીની વાણી છૂટી રે.
વૈશાખ માસથી વાદળ ચડયાં, આજ શ્રાવણે વરસ્યો મેહ રે;
વીરજીની વાણી છૂટી રે....વીરસભામાં. ૧
દેવ દુંદુભીનાદ ગગડીયા, ઈંદ્ર ઇંદ્રાણી હરખાય રે;
વીરજીની વાણી છૂટી રે.

રત્ન અમોલક ગણધર દેવશ્રી, શોભાવ્યા શાસન રે,
વીરજીની વાણી છૂટી રે....વીર સભામાં ૨

તરસ્યાં ચાતક-દેવમાનવ તિર્યંચની, તત્ત્વ પિપાસા છિપાય રે,
વીરજીની વાણી છૂટી રે.

સંસારતાપના દુઃખ દાવાનળ, એકી ક્ષણે બુઝાય રે,
વીરજીની વાણી છૂટી રે... વીર સભામાં. ૩

દર્શન, જ્ઞાન ને ચારિત્ર કેરા, મોંઘેરા ફાલ્યા ફાલ રે,
વીરજીની વાણી છૂટી રે.

મોંઘો મારગ જ્યાં મુક્તિ તણો ત્યાં, જીવોના જૂથ ઉભરાય રે,
વીરજીની વાણી છૂટી રે....વીર સભામાં. ૪

ધન્ય નગર ધન્ય સમવસરણ, ધન્ય ધન્ય સભા નરનાર રે,
વીરજીની વાણી છૂટી રે.

દિવ્યધ્વનિના વહ્યા પ્રવાહ એ, ધન્ય દિવસ ધન્ય રાત રે,
વીરજીની વાણી છૂટી રે...વીર સભામાં. ૫

દિવ્યધ્વનિની થોડી શી વાનગી, પરમાગમમાં જણાય રે,
વીરજીની વાણી છૂટી રે.

ધન્ય આચાર્ય ધન્ય ઉપાધ્યાય, ધન્ય કૃપાળુ ગુરુરાજ રે,
વીરજીની વાણી છૂટી રે...વીર સભામાં. ૬

સાક્ષાત્ સુણવા એ દિવ્ય ધ્વનિને, મન મારું તલસાય રે,
વીરજીની વાણી છૂટી રે...વીર સભામાં. ૭

# શ્રી સીમંધર જિન-સ્તવન.

( મોરા સાહેબકો શ્રી શીતલનાથ કે-દેશી. )

સુપ્રતીતે હો કરી થિર ઉપયોગ કે,
સીમંધર જિન વંદીએ
અનાદિની હો જે મિથ્યા ભ્રાંતિ કે,
તેહ સર્વથા છંડીએ;
અવિરતિ હો જે પરિણતિ દુષ્ટ કે,
ટાળી થિરતા સાધીએ;
કષાયની હો કલ્મશતા કાપી કે,
વર સમતા આરાધીએ. ૧

જંબુનેહો મહાવિદેહ જિનરાજ કે,
સીમંધરનાથ અવલોકીએ;
જસ નામે હો પ્રગટે ગુણરાશિ કે,
ધ્યાને શિવસુખ વિલસીએ;
અપરાધી હો જે તુજથી દૂર કે,
[1]ભૂરિ ભ્રમણ દુઃખના ધણી;
તે માટે હો તુજ સેવા રંગ કે;
હોજો એ ઇચ્છા ઘણી; ૨

મરુધરમેં હો જિમ સુરતરુ લુંબ કે,
સાગરમેં [2]પ્રવહણ સમો;

---

૧. બહુ. ૨. જહાજ જેવો.

ભવ ભમતાં હો ભવિજન આધાર કે,
પ્રભુ દરિસણ સુખ અનુપમો;
આતમની હો જે શક્તિ અનંત કે,
તેહ સ્વરૂપ પદે ધર્યા;
પારિણામિક હો જ્ઞાનાદિ ધર્મ કે,
સ્વસ્વકાર્ય પણે વર્યા. ૩

અવિનાશી હો જે આત્માનંદ કે.
પૂર્ણ અખંડ સ્વભાવનો;
નિજ ગુણનો હો જે વર્તન ધર્મ કે,
સહજ વિલાસી દાવનો;
તસ ભોગી હો તું જિનવર દેવકે,
ત્યાગી સર્વ વિભાવનો;
શ્રુતજ્ઞાની હો ન કહી શકે સર્વ કે,
મહિમા તુજ પ્રભાવનો. ૪

નિઃકામી હો નિઃકષાયી નાથ કે,
સાથ હોજો નિત તુમ્હ તણો;
તુમ આણા હો આરાધન શુદ્ધ કે,
સાધુ હું સાધકપણો,
જિનરાજની હો જે ભક્તિ એકત્વ કે,
તુજ સેવક પદ કારણો. ૫

---

## ધૂન.

ભયહર ભયહર ભજ ભગવાન,
સુરનર મુનિવર ધરત હૈ ધ્યાન.
દેવ અમારા શ્રી અરિહંત,
ગુરુ અમારા ગુણીયલ સંત.
ૐ ગુરુ ૐ ગુરુ ૐ ગુરુદેવ,
જય ગુરુ જય ગુરુ જય ગુરુદેવ
ઋષભ જય પ્રભુ પારસ જય જય,
મહાવીર જય ગુરુ ગૌતમ જય જય.
સીમંધરકી જય કુંદકુંદ કેરી જય,
ગુરુદેવ કૃપાળુકી જય જય જય.

---

## શ્રી વિમલનાથ સ્વામી.

દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે, સુખ સંપદશું ભેટ;
ધીંગ ધણી માથે કિયોરે, કુણ ગંજે નર ખેટ,
વિમલજિન, દીઠાં લોયણ આજ, મારાં સીઝ્યાં વાંછિત કાજ.
વિમલ જિન દીઠાં. ૧
ચરણ કમળ કમલા[1] વસેરે નિર્મલ થિર પદ દેખ;
સમલ અથિર પદ પરિહરી રે, પંકજ પામર પેખ. વિ૦દી૦ ૨

---

૧. લક્ષ્મી.

મુજ મન તુજ પદ પંકજે રે, લીનો ગુણ મકરંદ,
રંક ગણે મંદરધરા[1] રે, ઇંદ્ર ચંદ્ર નાગિંદ્ર. વિ૦દી૦ ૩

સાહિબ સમરથ તું ધણીરે, પામ્યો પરમ ઉદાર,
મન વિશરામી વાલહોરે, આતમનો આધાર. વિ૦દી૦ ૪

દરિસણ દીઠે જિન તણુંરે, સંશય ન રહે વેધ,
દિનકર કરભર પસરતારે, અંધકાર પ્રતિષેધ. વિ૦દી૦ ૫

અમીય ભરી મૂરતિ રચીરે, ઉપમા ન ઘટે કોય,
શાંત સુધારસ ઝીલતીરે, નિરખત તૃપ્તિ ન હોય. વિ૦દી૦ ૬

એક અરજ સેવક તણીરે, અવધારો જિનદેવ,
કૃપા કરી મુજ દીજીયેરે, આનંદઘન પદ સેવ. વિ૦દી૦ ૭

---

## શ્રી પાર્શ્વજિત સ્તવન.

( કડખાની દેશી-પ્રભાતિયા )

સહજ ગુણઆગરો, સ્વામી સુખ સાગરો,
જ્ઞાન વૈરાગરો પ્રભુ સવાયો;
શુદ્ધતા એકતા, તિક્ષણુતા ભાવથી,
મોહ રિપુ જિતી જય પડહ વાયો. સ૦ ૧
વસ્તુ નિજ ભાવ, અવિભાસ નિઃકલંકતા,
પરિણતિ વૃત્તિતા કરી અભેદે;

---

૧ મેરૂ-સુવર્ણાચલ ભૂમિ

ભાવ તાદાત્મ્યતા શક્તિ ઉલ્લાસથી,
સંતતિ યોગને તું ઉચ્છેદે. સ૦ ૨

દોષ ગુણ વસ્તુની, લખિય યથાર્થતા,
લહી ઉદાસીનતા અપર ભાવે;
ધ્વંસિ તજ્જન્યતા ભાવ કર્ત્તાપણું,
પરમ પ્રભુ તું રમ્યો નિજ સ્વભાવે. સ૦ ૩

શુભ અશુભ ભાવ; અવિભાસ તહકીકતા,
શુભ અશુભ ભાવ, તિહાં પ્રભુ ન કીધો;
શુદ્ધ પરિણામતા, વીર્ય કર્તા થઈ,
પરમ અક્રિયતા અમૃત પીધો. સ૦ ૪

શુદ્ધતા પ્રભુ તણી, આત્મભાવે રમે,
પરમ પરમાત્મતા તાસ થાયે;
મિશ્ર ભાવે અછે ત્રિગુણની ભિન્નતા,
ત્રિગુણ એકત્વ તુજ ચરણ આયે. સ૦ ૫

ઉપશમ રસ ભરી સર્વ જન શંકરી,
મૂર્તિ જિનરાજની આજ ભેટી;
કારણે કાર્યનિષ્પત્તિ શ્રદ્ધાન છે,
તિણે ભવ ભ્રમણની ભીડ મેટી. સ૦ ૬

નયર ખંભાયતે, પાર્શ્વ પ્રભુ દર્શને,
વિકસતે હર્ષ ઉત્સાહ વાધ્યો;
હેતુ એકત્વતા રમણ પરિણામથી,
સિદ્ધિ સાધકપણો આજ સાધ્યો. સ૦ ૭

આજ કૃતપુણ્ય ધન્ય દિન માહરો થયો,
આજ નરજન્મ મેં સફળ ભાવ્યો;
દેવચંદ્ર સ્વામી ત્રેવીશમો વંદીઓ,
ભક્તિભર ચિત્ત તુજ ગુણ રમાવ્યો. સ૦ ૮

---

## જિનસ્તવન,,

આજ પ્રભુ દર્શનસે દિલકો આરામ હૈ,
દિલકો આરામ હૈ, વો મુક્તિકા ધામ હૈ. આજ૦ ૧
ધર્મ જિણંદકી મૂર્તિ મનોહર,
દેખકે દેદાર જિન, બને દિલારામ હૈ. આજ૦ ૨
રાગ ઔર દ્વેષકી લેશ ન છાયા,
હાસ્યાદિક વારા, ઔર હટાયા કામ હૈ. આજ૦ ૩
જ્ઞાન ઔર દર્શનકે ઘાતક નિવારે,
અંતરાય ત્યાગી કિયા, કેવલ વિશ્રામ હૈ. આજ૦ ૪
ઝળહળતી જ્યોત દેખ ભવિ મન મોહે,
સુણે જો વાણી લહે, શિવપુર કામ હૈ. આજ૦ ૫
કરી ઉપકાર પ્રભુ શિવપુર સિધાયે,
આતમ ભૂમિ વિભુ, આનંદકા ધામ હૈ. આજ૦ ૬

---

## શ્રી કુંદકુંદદેવને વિનંતી

એવા કુંદપ્રભુ અમ મંદિરીયે,
એવા આતમ આવો અમ મંદિરીયે.

જેણે તપોવન તીર્થમાં જ્ઞાન લાધ્યું
જેણે વન જંગલમાં શાસ્ત્ર રચ્યું;
ૐકાર ધ્વનિનું સત્ત્વ સાધ્યું —એવા૦

જેણે આત્મવૈભવથી તત્ત્વ સીંચ્યાં,
વળી સંયમ ગુચ્છમાં ગુંજી રહ્યા;
જેણે જીવનમાં જિનવર ચિંતવ્યા—એવા૦

મહા મંગળ પ્રતિષ્ઠા મહા ગ્રંથની,
વળી અગમ નિગમના ભાવો ભરી;
દીસે સાર સમયની રચના રૂડી.—એવા૦

શ્રી સીમંધર દેવના દર્શન કરી;
સત્ય સંદેશા લાવનાર ચિંતામણિ,
પ્રભુ શ્રુતધારી કળિકાળ કેવળી.—એવા૦

હે ગુણનિધિ ગુણાગારી પ્રભુ,
તારી આદર્શતા ન્યારી ન્યારી પ્રભુ;
હું પાંમર એ શું કથી શકું.—એવા૦

પ્રભુ કુંદકુંદદેવ સુવાસ તારી,
પ્રસરાવી મુમુક્ષુ હૃદય માંહી;
કાનદેવે મીઠાં મેહ વરસાવી.—એવા૦

---

## ગુરુદેવના જ્ઞાનવાજા

વાગે છે જ્ઞાન વાજા ગુરુરાજના મંદિરીયે ગુરુરાજનાં મંદિરીયે
સ્વાધ્યાય-મંદિરીયે વાગે છે જ્ઞાન વાજા ગુરુદેવનાં મંદિરીયે

જ્ઞાની ગુરુજી બિરાજે, સ્વાધ્યાય મંદિર શોભાવે,
ઉપદેશ રૂડો આપે, ભવ્ય જીવને ઉદ્ધારે.........વાગે૦ ૧

પ્રભુ સુવર્ણપુરી માંહી, અચિંત્ય જ્ઞાન ખીલવી,
સૂક્ષ્મ ન્યાયો પ્રકાશી, જ્ઞાન જ્યોતિને જગાવી....વાગે૦ ૨

મુખથી છૂટે છે ધ્વનિ, અમૃત સમી એ વાણી,
સુણતાં આનંદ થાયે, હૃદય વિકસિત થાયે...વાગે૦ ૩

દિવ્ય ધ્વનિનો નાદ છૂટયો, ચારે દિશાએ પ્રસર્યો,
મહિમા કરું શી તેરી ? અલ્પમતિ છે મેરી...વાગે૦ ૪

શ્રી તીર્થધામ માંહી, જયકાર નાદ ગાજે,
અનુભવ પ્રકાશી આજે, સત્ વસ્તુને બતાવે....વાગે૦ ૫

શુદ્ધ જ્ઞાન જ્ઞાતા માંહી, શ્રદ્ધા પ્રતીત કરાવે,
અકર્તાપણું છે મ્હારું, એ વાતને મલાવે........વાગે૦ ૬

પ્રભુ સુવર્ણપુરી માંહી, જ્ઞાન સરિતા વહાવી,
ઝણુકાર ગાજે ગગને, દેવેંદ્રને સુણાવે....... ...વાગે૦ ૭

ભગવાન કુંદકુંદનું, શાસન વર્તે છે જયવંત,
તુજ કુળને દિપાવ્યું. પ્રભુ કહાનદેવે વિજયવંત....વાગે૦ ૮

જગત શિરોમણિ છો, જગ પૂજ્ય વંદનીક છો,
વીતરાગ દેવ વીરના, પ્રભુ આપ લઘુ નંદન છો...વાગે૦ ૯

ઈન્દ્રો અને દેવેંદ્રો, માંહો માંહે ગાન કરતા,
આ ભરતક્ષેત્ર માંહી, એ વીર કોણ જાગ્યો ?....વાગે૦ ૧૦

ચાલો સહુ મળીને, એ વીર વંદન જઈએ,
જ્ઞાયક સ્વરૂપ, સુણીને જીવન કૃતાર્થ કરીએ....વાગે૦ ૧૧

દેવદુદુંભિ વાગે, સુરપતિ સ્વર્ગેથી ઊતરે,
ભગવાન કુંદકુંદના, સંદેશા લઈને આવે....વાગે૦ ૧૨

ભક્તિ કરવાને તારી, શરણે આવ્યો હું વારી.
દીન હાથ ગ્રહો કૃપાળુ, મુજ રંકને ઉગારી....વાગે૦ ૧૩

---

## શ્રી સીમંધર જિન સ્તવન

(રાગ–પૂછો મને તો હું કહું)

સાચું પૂછો તો ગુરુજી કહે જગનાથ! હો તો આવા હો;
એ સર્વજ્ઞતા વીતરાગથી, ભૂનાથ! હો તો આવા હો.
એ શુદ્ધ સ્ફટિક દેદાર ધરી, શરદ ચંદનની હોડ કરી;
એ શુકલ ધ્યાને રહી ખરી, ઉજ્વલતા હો તો આવી હો.
સાચું પૂછો તો શાસ્ત્ર કહે જગનાથ હો તો આવા હો. ૧

એ રાગ નહીં જ્યાં દ્વેષ ભી નહીં. સુધારસ જ્યાં હે સહી;
એ નયને તાગે જોવા ચહી, કિરતાર! હો તો આવા હો.
સાચું૦ ૨

એ અમૃત રસે જે છે ભરી, સુવર્ણપુરીમાં આજ સ્મરી;
એ દુઃખ જાયે ઝરી ઝરી, સુખકાર! હો તો આવા હો.
સાચું૦ ૩

એ ઉપશમભરી પ્રભુ મૂર્તિ મળી, તરણુ તારણુ છે વળી;
ભક્તોને આપે મુક્તિ ભલી, દાતાર! હો તો આવા હો.
સાચું૦ ૪

---

## વીતરાગ જિન સ્તવન

(ભારતકા ડંકા આલમમે-એ રાગ)

પ્રભુ જિન ભજો પ્રભુ જિન ભજો,
ચિન્તામણિ ચિત્ત સદા એ સજો;
ગુણગણનો પ્રભુમાં પાર નહીં,
એવા પ્રભુ મુજ શિરતાજ હજો.......પ્રભુ૦ ૧

જિનરાજ ચરણ શરણ ગ્રહિયે,
તો જલ્દી શિવપુર સુખ લહિયે;
ચોરાસી લાખ તબ જાય ટળી,
નિજ આત્મ દશા પ્રગટે સઘળી.......પ્રભુ૦ ૨

મનમંદિરમાં પ્રભુ વાસ કરે,
દ્રતિ વાયુ જેમ ભવ પાથ તરે;
પ્રભુ નામ રટે સબ દુઃખ કટે,
ભવ ભ્રમણા જીવ કી સર્વ હટે........પ્રભુ૦ ૩

જડવાદ બધો દીધો વામી,
પ્રભુ વિદેહ ક્ષેત્રતણા સ્વામી;
બની યોગી કામ લીધો દામી,
એ જિનરાજનાં ચરણો પામી.......પ્રભુ૦ ૪

હું જિનવર ગુણ ગીતગાન કરું,
એ રૂપી અમૃત પાન કરું;
કર્મોનું વિષમ વિષ હરું,
જન્મમરણ ભવજાળ જરું……પ્રભુ૦ ૫
કહે તુજ સેવક ઉલસી ઉલસી,
જાઓ કર્મ બધાં મુજથી નિકસી;
જિન ધ્યાન ધરે તે નર ન ડરે,
હટ જાઓ પાપી કર્મ અરે……પ્રભુ૦ ૬

## અભિનંદન

(રાગ–ગઝલ)

ઘડી ધન આજકી સબકો મુબારિક હો મુબારિક હો,
હુએ જિનરાજ કે દર્શન, મુબારિક હો મુબારિક હો. ટેક.
કહીં અરચા કહીં ચરચા, કહીં જિનરાજ ગુણગાયન.
મહાતમ જૈન શાસન કા, મુબારિક હો મુબારિક હો. ૧
ચંવર છત્રાદિ સિંહાસન, પ્રભાકર શ્રેષ્ઠ ભામંડલ,
અનુપમ શાંતિમુદ્રા યે, મુબારિક હો મુબારિક હો. ૩
સફલ હો કામના 'સેવક,' યહી અરદાસ હૈ સ્વામિન્,
શ્રી ગુરુદેવ સુ જિન શાસન, મુબારિક હો મુબારિક હો. ૩

## શ્રી મહાવીર જિનપદ

(રાગ ગઝલ–પ્રભુનો પ્રેમ ત્યાં હોજો)

પ્રભુનું ધ્યાન ત્યાં હોજો, શિરે ફરમાન ત્યાં હોજો;
તમારી શિવભૂમિ જ્યાં, અમારો વાસ ત્યાં હોજો. પ્ર૦ ૧

નથી રાગી નિરાગી છે, નથી દ્વેષી ખૂબી જિનની;
રહીશું ત્યાં સેવીશું ત્યાં, જીવન ઉપહાર ત્યાં હોજો. પ્ર૦ ૨
ફર્યાં શ્રીવીરનાં ચરણો, થતાં જ્યાં ધ્યાનની કેલી;
જનમ એ ધામમાં મારો, દયાના નાથ ત્યાં હોજો. પ્ર૦ ૩
અનંત સુખ જ્યાં ભરિયું, ખૂબી એ પુણ્ય ભૂમિની;
પ્રભુ ! એ ધામ દિખાદો; સેવક સુખકાર ત્યાં હોજો. પ્ર૦ ૪

## શ્રી પરમાત્માની સ્તવના

( ત્રોટક છંદ )

અરિહંત નમો ભગવંત નમો,
પરમેશ્વર શ્રી જિનરાજ નમો;
પ્રથમ જિનેશ્વર પ્રેમે પેખત,
સિધ્યાં સઘળાં કાજ નમો. અ૦ ૧
પ્રભુ પારંગત પરમ મહોદય,
અવિનાશી અકલંક નમો;
અજર અમર અદ્‌ભુત અતિશય નિધિ,
પ્રવચન જલધિ મયંક * નમો અ૦ ૨
તિહુયણ ભવિયણ જિન મન વંછિય,
પૂરણ દેવરસાલ[1] નમો;
લળી લળી પાય નમું હું ભાવે,
કર જોડીને ત્રિકાળ નમો; અ૦ ૩

* ચંદ્ર ૧. દેવતરૂ–કલ્પતરૂ.

સિદ્ધ બુદ્ધ તું જગ જન સજ્જન,
નયનાનંદન દેવ નમો;
સકલ સુરાસર નરવર નાયક,
સારે અહોનીશ સેવ નમો. અ૦ ૪

તું તીર્થંકર સુખકર સાહિબ,
તું નિષ્કારણ બંધુ નમો;
શરણાગત ભવિને હિતવત્સલ,
તુંહિ કૃપારસ સિંધુ નમો. અ૦ ૫

કેવળજ્ઞાનાદર્શે દર્શિત,
લોકાલોક સ્વભાવ નમો;
નાશિત સકલ કલંક કલુષગણ,
દુરિત ઉપદ્રવ ભાવ નમો. અ૦ ૬

જગ ચિંતામણિ જગગુરુ—
જગહિત કારક જગજનનાથ નમો;
ઘોર અપાર મહોદધિ તારણ,
તું શિવપુરનો સાથ નમો. અ૦ ૭

અશરણ શરણ નીરાગ નિરંજન,
નિરુપાધિક જગદીશ નમો;
બોધિ દિયો અનુપમ દાનેશ્વર,
શ્રી સદ્‌ગુરુદેવ નમો. અ૦ ૮

---

## શ્રી સીમંધર પ્રભુ સ્તુતિ

સીમંધરચરણં અશરણશરણં ભ્રમ આતાપ હર રવિશશિ-
કિરણં
જયવંત યુગલપદ જય કરણં-મમ સીમંધરદેવ સદા શરણં–૧
પદ સકલકુશલવલ્લી સમધ્યાવો, પુષ્કર સંવર્તમેઘ ભાવો;
સુર ગો સમ જ્ઞાનામૃત ઝરણં—મમ૦૨
પદ કલ્પ-કુંભ કામિત દાતા, ચિત્રાવલી ચિંતામણિ ખ્યાતા;
પદ સંજીવિની હરે જર મરણં—મમ૦૩
પદ મંગલ કમલા આવાસં, હરે દાસનાં આશાપાશ ત્રાસં;
ચંદન ચરણં ચિત્તવૃતિ ઠરણં--મમ૦૪
દુસ્તર ભવ તરણ કાજ સાજં, પદ સફરી જહાજ અથવા પાજં;
મહી મહીધરવત્ અભરાભરણં—મમ૦૫
સંસાર કાંતાર પાર કરવા, પદ સાર્થવાહ સમ ગુણ ગરવા;
આશ્રિત શરણાપન્ન ઉદ્ધરણં—મમ૦૬
સીમંધર દેવપદ પુનિતં, મુમુક્ષુ જનમન અમિત વિત્તં;
ગંગાજલવત્ મનમલ હરણં—મમ૦૭
પદકમલ અમલ મમ દિલ કમલં, સંસ્થાપિત રહો અખંડ અચલં,
રત્નત્રય હરે સર્વાવરણં—મમ૦૮

---

## જિનજીની વાણી

(રાગ-આશા ભર્યાં અમે આવીયા)

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે,

વાણી ભલી મન લાગે રળી.
જેમાં સાર-સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે....સીમંદર

ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,

જિનજીની વાણી ભલી રે.
ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે....સીમંધર

સ્યાદ્વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐકારનાદ રે·

જિનજીની વાણી ભલી રે.
વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર

હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.

જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે....સીમંધર

## અપૂર્વ ઉત્સાહ

(ગાજે પાટણપુરમાં—એ રાગ)

સુંદર સ્વર્ણપુરીમાં સ્વર્ણ-રવિ આજે ઊગ્યો રે,
ભવ્યજનોના હૈયે હર્ષાનંદ અપાર;
શ્રી સીમંધર પ્રભુજી પધાર્યા છે અમ આંગણે રે.

(વસંતતિલકા)

નિર્મૂળ મોહ કરીને પ્રભુ નિર્વિકારી,
છે દ્રવ્યભાવ સહુના પરિપૂર્ણ સાક્ષી;
કોટી [1]સુધાંશુ કરતાં વધુ આત્મશાંતિ,
કોટી રવીન્દ્ર કરતાં વધુ જ્ઞાનજ્યોતિ.

જેની મુદ્રા જોતાં આત્મસ્વરૂપ લખાય છે રે,
જેની ભક્તિથી ચારિત્રવિમળતા થાય;
એવા ચૈતન્યમૂર્તિ પ્રભુજી અહો! અમ આંગણે રે...સુંદર.

'સદ્ધર્મ વૃદ્ધિ વર્તો' જયનાદ બોલ્યા,
શ્રી કુંદના વિરહતાપ પ્રભુ નિવાર્યા;
[2]સપ્તાહ એક વરસી અદ્‌ભુત ધારા,
શ્રી કુંદકુંદ હૃદયે પરિતોષ પામ્યા.

---

૧ સુધાંશુ=ચંદ્ર ૨ સપ્તાહ=અઠવાડીયું

જેની વાણી ઝીલી કુંદપ્રભુ શાસ્ત્રો રચ્યાં રે,
જેની વાણીનો વળી સદ્ગુરુ પર ઉપકાર;
એવા ત્રણ ભુવનના નાથ અહો! અમ આંગણે રે...સુંદર.

પૂર્વજ્ઞ છે ગણધરો પ્રભુપાદપદ્મે,
સર્વજ્ઞ કેવળી ઘણા પ્રભુના નિમિત્તે;
આત્મજ્ઞ સંતગણના હૃદયેશ સ્વામી,
સીમંધરા! નમું તને શિર નામી નામી.

જેના દ્વારા જિનજી આવ્યા, ભવ્યે ઓળખ્યા રે,
તે શ્રી કાનગુરુનો પણ અનુપમ ઉપકાર,
નિત્યે દેવ-ગુરુનાં ચરણકમળ હૃદયે વસો રે...સુંદર.

---

## શ્રી પાર્શ્વપ્રભુની સ્તુતિ

ઉપશમ રસ વર્ષે રે પ્રભુ તારાં નયનમાં,
હૃદયકમલમાં દયા અનંત ઉભરાય જો;
વદનકમલપર પ્રસન્નતા પ્રસરી રહી,
ચરણકમલમાં ભક્તિરસ રેલાય જો. ઉપશમ૦ ૧

કરકમલમાં કૃપારસ પૂરણ વહે,
શિર પર મૂકયાં ઊપજે લબ્ધિ અનંત જો;
ચાર જ્ઞાન ચઉદશ પૂર્વી પ્રભુ ગણધરો,
એહ કૃપાથી પામ્યા પૂર્ણાનંદ જો. ઉપશમ૦ ૨

અનંત ચતુષ્ટય મંડિત મુદ્રા તાહરી,
ભવ્યજીવોને હિતકારી ભગવાન જો;
સમકિત પામી સ્વામી આપ ચરણુતણું,
હૃદયકમલમાં ધરતા નિર્મળ ધ્યાન જો. ઉપશમ૦૩

એ શક્તિથી ઉપાદાન બળ બહુ વધે,
અહોનિશ અંતર પ્રેમીજનનાં સિંચાય જો;
ભાવ અપૂરવ આત્મપ્રદેશે ઉલ્લસે,
જનવન જલધિ અલ્પ ભવે ઉતરાય જો ઉપશમ૦ ૪

અત્યંત મંદ કષાય વિશુદ્ધ પરિણામથી,
ચિત્ત પ્રસન્નતા લબ્ધિ ઊપજે અતુલ જો;
અચિંત્ય શક્તિ ચૈતન્ય જ્યોતિ જળહળે,
સદૈવ વર્તે શુદ્ધ મંગળ મંજુલ જો. ઉપશમ૦ ૫

---

## સદ્ગુરુ કરકમળથી સ્થાપના વિષે

(જ્ઞાન ચતુર દર્શન દિન આજનો-તે રાગ)

સીમંધર પ્રભુ નેમનાથ શાંતિ જિણંદજી, મહાવીર પ્રભુ
પદ્મપ્રભુદેવ

નાથ! પ્રતિષ્ઠા સદ્ગુરુ કરકમળથી રે. ૧

વિદેહી પ્રભુ પધાર્યા સુવર્ણપુરમાં રે,
સાક્ષાત સત્ વૃષ્ટિ થઈ આજ. પ્રભુ પ્રતિષ્ઠા. ૨

સુરેન્દ્ર નરેન્દ્ર દેવ મનાવો રે,
વિભુ મહોત્સવના જયનાદ ગાય. પ્રભુ પ્રતિષ્ઠા. ૩

ઇન્દ્રાણી પુરે છે મોતી સાથીઆરે,
અહો! અહો! મંગળ સ્થાપના થાય. પ્રભુ૦ ૪
સદ્‌ગુરુ સ્થાપના કરે ને દિવ્ય દૃશ્ય લાગે,
દીસે ભાવ અનુપમ આજ. પ્રભુ પ્રતિષ્ઠા. ૫
શ્રી દેવગુરુ સાથે મળ્યા રે,
ત્રણ ભુવનમાં સુરનાદ થાય. પ્રભુ પ્રતિષ્ઠા. ૬
સહુ ભક્તો ભાવેથી સંગે મળી રે,
બોલે ધન્ય ધન્ય કૃત દિન આજ. પ્રભુ પ્રતિષ્ઠા. ૭
ઉપશમ રસ વરસે પ્રભુ નેણલે રે,
નાથ ? મુખ પુનમકેરો ચંદ. પ્રભુ પ્રતિષ્ઠા. ૮
વિભુ શાંત સુધારસ ઝીલતી રે,
નિરખતાં તૃપ્તિ નવ થાય. પ્રભુ પ્રતિષ્ઠા. ૯
આજ રત્નના રાશિ પ્રભુ આવીયારે,
આવ્યા આવ્યા છે ત્રિલોકી નાથ. પ્રભુ પ્રતિષ્ઠા. ૧૦
પ્રભુ ગુણ કથે સહસ્ર ભાંત સુરપતિ રે,
નાથ! મહિમા તણો નહીં પાર. પ્રભુ પ્રતિષ્ઠા. ૧૧

———

## શ્રી પદ્મપ્રભુદેવની સ્તુતિ

(વસંતતિલકા)

ભવ્યોરૂપી કમળને વિકસાવનારા,
ભાવો સમસ્ત જગના વળી જાણનારા;

તે પદ્મનાં ચરણુમાં મધુકર બનીને,
સેવું ગમે અહર્નિશે અમને રમીને, ૧

સંધ્યાસમે રવિ જતાં શશી બ્હાર આવે,
બન્ને તણાં કિરણુ જ્યું નભને દીપાવે;
દેવો તણા નમનથી થઈ તેવી કાંતિ,
તેવા શ્રી પદ્મપ્રભુનાં ચરણે જ શાંતિ. ૨

અંભોનિધિ વિધુ થકી પ્રસરાય જેવો,
સ્યાદ્વાદ વિસ્તૃત કર્યો જગમાંહી તેવો;
તે પ્રેમથી પ્રણુમીએ પ્રભુ પદ્મસ્વામી,
મુક્તિ મહંત સુખદાયક આજ પામી. ૩

ફીક્કો પડે રવિ થતાં જગ ચંદ્ર તે ક્યાં?
ને શુકલ ધ્યાન સરખું પ્રભુમુખ તે ક્યાં?
જે દેવતા મનુજના મનને હરે છે,
તે નાથ પદ્મચરણે ચિત્તડું ઠરે છે. ૪

હસ્તે રહી અમલ નીર જણાય જેવું,
જ્ઞાને કરી નીરખતાં જગ સર્વ તેવું;
જેનો પ્રતાપ મહિમા નવિ ચિંતવાએ,
તેવાશ્રી પદ્મચરણે મન શાંત થાએ. ૫

વર્ષાવીને નવીન મેઘતણી જ ધારા,
પ્રાણી તણો પૂરણુ હર્ષ વધારનારા;
સ્યાદ્વાદ અમૃત જરા અમ ઉર નાખો,
ને ચરણુમાં શરણુ પદ્મજિનેશ રાખો.

## શ્રી જિન સ્તવન

હું તો મૂરતિ નિહાળું મારા શ્યામનીરે,
મારા શ્યામની રે, નેમિનાથનીરે.......હું તો.
અંતરકે કપાટ ખોલ હૃદયમેં ઊઠે હિલોર,
વંદન આજ ક્રોડ ક્રોડ;
હું તો ચરણ સેવા કરું મારા શ્યામની રે...હું તો. ૧
કરી લે કરમ સંહાર, તજી દે ભ્રમણ સંસાર,
ચરણ નમું વાર વાર;
સેવક ભક્તિ જમાવું મારા શ્યામની રે...હું તો. ૨

---

## શ્રી જિન સ્તવન

પ્યારા છો પ્રાણથકી વ્હાલા જિનંદજી,
જુવો છો શેની વાટરે—વીર મારા પાર ઉતારજો;
પ્રભુ મારા પાર ઉતારજો. પ્યારા

અનાદિ અજ્ઞાનથી પાપો કીધાં છે,
કહેવી શું મારી વાત રે. વીર૦ ૧.

પરભાવ પ્રપંચના આ રે જીવનમાં,
નેત્ર અંજન અમી છાંટ રે. વીર૦ ૨
ડગલે ને પગલે પ્રભુ, આપને સંભારું,
અંતરના જાય ઉચાટ રે. વીર૦ ૩

પતિત પાવન મારા જીવન ઉદ્ધારક,
હૈયામાં વસજો નાથ રે. વીર૦ ૪
દર્શન–પૂજન તારાં, ભાવે કરીને,
જાવે સેવક મુક્તિઘાટ રે. વીર૦ ૫

## શ્રી જિન સ્તવન

મૂર્તિ દીસે છે પ્રભુ આજની રળિયામણી,
દીઠા મેં સીમંધર સ્વામ રે;
જિનવર ભેટો અલબેલડા. ૧
જ્ઞાન દિવાકર, વંદન કરતાં;
સિદ્ધયાં અમારાં કામ રે. જિનવર. ૨
ઉજ્જળ મંદિરો નયને નિહાળતાં,
ચિત્ત પામે છે વિશરામ રે. જિનવર. ૩
સમવસરણુ શોભા ને કુંદકુંદ સ્વામી,
દર્શન કીધાં અભિરામ રે. જિનવર; ૪
સ્વાધ્યાય મંદિર ને સદ્દગુરુ સ્વામી,
દર્શન રૂડા મંગળકાર રે. જિનવર. ૫
તિમિર હઠાકર, તેજ દિખાયા,
મોહ મદિરા ( નાખી ) વામ રે. જિનવર. ૬
પવિત્ર તીર્થવર સ્પર્શન કરજો,
લેજો પ્રભાત ઊઠી નામ રે. જિનવર, ૭
ધર્મ તમારો પ્રભુ દીલ મેરે વસિયો,
સેવક લેવા શિવધામ રે. જિનવર. ૮

---

## શ્રી શાંતિનાથ જિન સ્તવન

લેજો લાખેણી સેવા જિનરાય, આજે આનંદથી
પ્રભુ શાંતિ જિણંદજી સોહાય—આજે૦
તારી શીતળ આંખોથી દુઃખો બુઝાય....આજે૦ ૧
જ્યારે આનંદના ઉમળકા હૈયે ઊઠે,
ત્યારે અંતરનાં નંદનવન ખીલી રહે;
શુદ્ધ જીવનની લહેરો લુંટાય..........આજે૦ ૨
મન મોહે છે આત્માના ભાવે સહી,
બની શોભા સેવકને બોલાવી રહી;
દીલને દૃષ્ટિએથી ન ભુલાય.........આજે૦ ૩

---

## શ્રી જિન સ્તવન

આવો ભેટોને શ્રી જિનરાય, શોભે તીર્થક્ષેત્રે
આજે જ્યોતિ જિનંદ ઝલકાય, જો જો અંતરથી
મારું મસ્તક ચરણોમાં ઝુકાય, બોલો જય નાથની આવો. ૧
મારા જીવનની જમુનામાં કલ્લોલ ઊઠે
પ્રભુ ભક્તિતણા મંજુલમન આજે હસે;
જાણે આત્મતણી જ્યોતિ મિલાય................શોભે ૨
તરો અંતરના આનંદથી ભક્તિ ગ્રહી,
નથી બીજે જવાનું છોડીને કહીં;
ગુરુ ઝંડાને જગમાં ફરકાય...... ..........શોભે.
મીઠા આનંદના વાયરા ફેલાય......................શોભે. ૩

## શ્રી જિન સ્તવન

કે મારા જિનવરજીની જોડ, જગમાં જોતાં મળશે ના,
એના શુદ્ધ જીવનની હોડ, કોઈ ઈશ્વર કરશે ના.—કે૦ ૧
નીરાગી દેવને નિત્ય ભજયા મેં,
કામ ક્રોધના ત્યાગી સજયા મેં;
મારા ભવનાં બંધન છોડ,
ભોગી દેવ ભજશો ના.............કે મારા. ૨
નાથ મુક્તિમાં મ્હાલે છે પ્યારો,
સહુ દેવોથી શોભે છે ન્યારો;
આશા પુર સેવકની કોડ,
આજે નિરાશ કરશો ના............કે મારા. ૩

---

## શ્રી જિન સ્તવન

પ્રભુ શ્રી વીરતણું ગુણગાન, ગાવો હરખી હરખીને;
તારા દિલમાં મંજુલતાન, વાગે હરખી હરખીને.—પ્રભુ ૧
વદનનાં અમૃત સરીખાં પાન, પીલો હસી હસીને;
થાશો મુક્તિસ્વરૂપ મહેમાન, હસજો નીરખી નીરખીને.—પ્ર૦
તું રાગી દેવોના ફંદમાં ભૂલીશ ના તુજ ભાન,
રંગ ખીલ્યા છે વિચિત્ર જગમાં, ચૂકીશ ના તુજ ધ્યાન,
સેવકના સાચા એક મહાવીર ! વંદુ નમી નમીને;
મારા આતમના સુકાન, તારો હરખી હરખીને;
મારા અંતરમાં મસ્તાન, વસિયો હરખી હરખીને.-પ્ર૦



---

## શ્રી જિન સ્તવન

પ્રભુજી તુમને તેજ દિખાયા,
શુદ્ધ જીવનકી જ્યોતિ બતાયા;
　વંદન હો જિનરાજ સાજન.—વંદન. ૧
સમકિત પાયે, મહેલ ચણાયા;
　મુક્તિ બસાયા, આત્મ સુહાયા.—વંદન. ૨
પ્રભુ મુખ વનમેં, મોર બનાયા;
　નાચ નચાયા, ધન્ય બનાયા.—વંદન. ૩
સ્નેહ ભર્યાં સનમાન કરાયાં,
　મન વિકસાયા, અંતર બિછાયા.—વંદન. ૪
પંથ ભૂલેકો પંથ બતાયા,
　તિમિર હઠાયા તેજ દિખાયા.—વંદન. ૫
આનંદ આનંદ અદ્‌ભુત પાયા,
　ધ્યાન લગાયા, આત્મ સવાયા.—વંદન. ૬

---

## શ્રી સીમંધર જિન સ્તવન

(નાગરવેલીયો રોપાવ-રાગ)

મારા આતમનો શણગાર, તું હિ એક તારણહાર,
સાચો ત્હારો આધાર, તુ હિ એક તારણહાર;
　સત્યદેવી નંદન રૂડો,
　વિષય ભુજંગ ગરૂડો;
　શ્રેયાંસ નૃપ દુલાર.—તું હિ૰ ૧.

સમોસરણે જિનપતિ રાજે,
ત્રણ લોકની ઠકુરાઈ છાજે;
ત્હારી વાણી ઉદાર.—તુંહિ૦ ૨

ત્હારી નિર્મળ સોહે કાયા,
મને લાગી ત્હારી માયા;
છોડું ન છેડો આં વાર.—તુંહિ૦ ૩

ઇન્દ્ર ચન્દ્ર નાગેન્દ્ર દેવા,
કરે સેવા શિવપદ લેવા;
સઘળા દેવનો સરદાર.—તુંહિ૦ ૪

સુવર્ણ મંડન સ્વામી,
સીમંધર અંતરજામી.
સેવક પાર ઉતાર.—તુંહિ૦ ૫

---

## શ્રી આદિજિન સ્તવન

(ઝંડા ઉંચા રહે હમારા—રાગ)

ઋષભ જિનેશ્વર વિભુ જગસારા,
આદિ જિનશ્વર આનંદકારા,
કેવલનાણી તુંહિ ગુણખાણી,
અમીરસવાણી પીવે ભવિ પ્રાણી;
દુઃખ હરનારા સુખ કરનારા.—આદિ. ૧

સમવસરણે તુજ રિદ્ધિ નિહાળી,
ભવ્ય જીવોએ પાપ પખાળી,
મુક્તિ પામી જય જયકારા.—આદિ. ૨

મહા ભોગી તુંહિ તુંહિ મહા યોગી,
મહા જ્ઞાની તુંહિ મહા વૈરાગી;
અચરિજ જીવ જીવન જીવનારા.—આદિ. ૩

બડભાગી તુંહિ તુંહિ વીતરાગી,
તુમ દર્શનની લગની લાગી;
તુમ સમ નહિ કોઈ જગ આધારા—આદિ. ૪

ત્રણ ભુવનની ઠકુરાઈ ત્હારે,
દીન દુઃખિયો પ્રભુ શરણે આવે,
આશા પુરો સેવકની પ્યારા—આદિ. ૫

---

## શ્રી વીર જિનસ્તવન

(નાગરવેલીયો રોપાવ—રાગ)

શ્રી વીર પ્રભુ જિનરાજ મેરી નૈયાકો તારો;
તારો તારો ને મહારાજ મેરી નૈયાકો તારો.—શ્રી૦
તુંહિ જ્ઞાતા ત્રિભુવન ત્રાતા,
તુંહિ દાતા જગ વિખ્યાતા;
તુંહિ શાસનકા શિરતાજ—મેરી૦ શ્રી વીર.

તુંહિ પ્રભુ દેવાધિદેવો,
પ્રભુ કોણ છે ત્હારા જેવો;
તુંહિ જિન ભવોદધિ ઝાઝ.—મેરી૦ શ્રી વીર.
તુમે છો પ્રભુ સમરથ સ્વામી,
તુંહિ નિર્મમ ને નિષ્કામી;
પ્રભુ રાખો મોરી લાજ,—મેરી૦ શ્રી વીર.
શ્રી ગૌતમ ગણધર આવ્યા,
પછી આપ સમાન બનાવ્યા;
આપ્યું આપ્યું અમૃત રાજ,—મેરી૦ શ્રી વીર,

---

## શ્રી વીર જિન સ્તવન

(નાગરવેલીયો રોપાવ—રાગ)

માતા ત્રિશલાકે નંદ, મેરે બંધનકો ટાલો;
વ્હાલા વીરજી સુખકંદ મેરે બંધનકો ટાલો.—માતા.
તુંહિ ત્રિભુવનપતિ કુલ તિલો,
તુંહિ જિન મુનિપતિ ગુણ નીલો;
તેરા ધ્યાનસે આનંદ.—મેરે૦ માતા.
તું ગતિ મતિ જગદાધારો,
તુંહિ ગુણ રત્ન ભંડારો;
પ્રભુ નાથ વંશ નભચંદ.—મેરો૦ માતા.
તુંહિ પ્રભુ હૈ શિવસુખ દાતા,

તુંહિ માતા પિતા હૈ ભ્રાતા;
તુંહિ સેવિત સુરનર વૃંદ.—મેરે૦ માતા.
તુંહિ શંકર બ્રહ્મા વિષ્ણુ,
તુંહિ અજોડ હૈ જગ જિષ્ણુ;
તોડો સેવક કે ભવફંદ.—મેરે. માતા.

---

## શ્રી જિન સ્તવન

ભક્તિ ભેટણું લઈ આયો, અરિહંતકા ગુણ ગાયો,
તુમારા ઘડી ઘડી નામ રટીને;
આનંદ મંગલ પાયો.—ભક્તિ.
તુમ સમ થાવે ચેતન રાજા,
અંતર મેલ જો જાવે;
વીતરાગી તુમશું મીલકર,
એક જ ધ્યાન મેં ધ્યાયો.—ભક્તિ.
કેવલ દર્શન જ્ઞાનકે ધારક,
શિવ સુખકો હી સોહાવો;
તુમ દર્શામૃત પાન પીયાકર,
કબહી ન મેંહી ધરાયો.—ભક્તિ.

---

## શ્રી સીમંધર જિન સ્તવન

મહાવિદેહના વાસી, વિભુને વંદુ વારંવાર,
ભાવેથી ભેટીને, વિભુને વંદુ વારંવાર;

મનહર મૂરતિ નાથ તમારી,
નીરખતાં આનંદ અપારી,
શિવ સુખની દાતાર.—વિભુને૦ ૧

મૂર્તિ તમારી અમીરસ વર્ષે,
ચંદ ચકોર જેમ મુજ મન હર્ષે,
પેખી ગુણ ભંડાર.—વિભુને૦ ૨

સુખકર છે પ્રભુ પાય તુમારા,
રાત દિન સેવું સુખકારા;
આતમને હિતકાર.—વિભુને૦ ૩

ઓગણીસો સતાણું સારી,
ફાગણ સુદી બીજ સુખકારી;
ભેટયા જિન મનોહાર,—વિભુને૦ ૪

આત્માનંદ સમ સુખ દેનારા,
અમૃતપદ આપો મુજ પ્યારા;
ભક્ત માગે આવાર.—વિભુને૦ ૫

---

## શ્રી સીમંધર જિન સ્તવન

(લાખો પ્રણામ—રાગ)

સુવર્ણપુરે સીમંધર પ્રભુજી, આપો અમૃતરાજ
કેવળનાણી જિન પ્રભુજી, આપો અમૃતરાજ
જન પીડા હરનારી ત્હારી,

મૂર્તિ દીસે મંગલકારી;
શ્રી સીમંધર જિનરાજ.—પ્રભુજી૦ ૧

સુખ દેનારું આનન ત્હારું,
ચંદ્ર તણી શોભા હરનારું;
નિરખી સિધ્યાં કાજ.—પ્રભુજી૦ ૨

કૃપા ભરેલાં નેત્ર તમારાં,
દેખી હરખે હૈયાં હમારાં;
ફળિયો સુરતરુ આજ.—પ્રભુજી૦ ૩

સ્વર્ગ મોક્ષ ફળે જેનાથી,
એવા જિનજી મળ્યા છે સાથી;
ભવ જલધિમાં ઝાઝ.—પ્રભુજી૦ ૪

વીતરાગી નિર્મોહી દેવા,
હે પ્રભુ તુજ ચરણની સેવા;
માગું નિશદિન રાજ.—પ્રભુજી૦ ૫

---

## શ્રી જિન સ્તવન

મીઠી લાગે છે મને જિનની ઉપાસના
ટાળે એ સઘળા વિભાવરે,
અરિહાની પ્યારી ઉપાસના;
અનાદિ કાળના દુષ્ટ અજ્ઞાનનો,
નિશ્ચય કરે એ નાશ રે.—અરિહાની૦

કીધા વિદારણ મિથ્યાત્વ મોહને,
સરજાવે સમકિત સાર રે.—અરિહાની.
વેગે વિદારી નિશ્ચય એ વાસના,
કાઢે શુભાશુભ ભાવ રે.—અરિહાની.
અનુક્રમે જિનમાં નિત્યની ઉપાસના,
આપે એ અમૃત આવાસ રે.—અરિહાની.
મીઠી લાગે છે મને જિનની ઉપાસના.

---

## શ્રી જિન સ્તવન

કે મારા તુમ દર્શનનાં કોડ, પ્રભુજી પૂરા કરજો આજ;
કે મારા ભવનાં બંધન છોડ, આશા પૂરી કરજો આજ.–કે૦
અવર મિથ્યાત્વી દેવ તજ્યા મેં
પ્રભુ ભક્તિના પાઠ ભણ્યા મેં,
પ્રગટો મુજ અંતરની જ્યોત,
વિનતી ધ્યાન ધરજો આજ.–કે મારા૦
આપ સેવાની પ્રીત જો જાગી,
ભવ ઉદ્ધારક વિણા વાગી;
જ્ઞાન ચક્ષુની ખોડ,
( સેવક કહે જ્ઞાન ચક્ષુની ખોટ )
પ્રભુજી પૂરી કરજો આજ.–કે મારા૦

---

# શ્રી જિન સ્તવન

( થીયેટ્રી—રાગ )

કુંદકુંદ પ્રભુ વંદ્ય ત્રિકાલજન
ઓર છાંડ ભવ દ્વંદ ત્રિકાલજન
દેખ સોનગઢ સીમંધર (શ્રીમંદિર) જિન (બન)
સમવસરણુ બીચ કુંદકુંદ મુનિગણુ
સ્વાધ્યાય મંદિર મધ્ય ભવ્ય નર વૃંદ જન.—કુંદ૦

સમયસાર વચ શ્રી ગુરુ મુખ સુન,
કાનજી મહારાજ સ્વામી ભાષ જ્ઞાન પ્રવચન;
બહુ શ્રુતજ્ઞાની નિષતુષ યુક્તિ આલંબન.—કુંદ૦

શુદ્ધ આત્મરસ સતત હી સ્વાદત,
સવિકાર ભાવ ત્યાગ, નિર્વિકાર ધ્યાવત;
જ્ઞાન ભાવ માંય રચ અનુભવ લાવત.—કુંદ૦

આત્મ અનાદિ સિદ્ધ સ્વરૂપી,
અગમ સ્વરૂપ તદ સુગમ લખાવત;
અનુભવ જ્ઞાનમાય જ્ઞાનરસ પ્યાવત.—કુંદ૦

નિત્ય નિરંજન કરમ ન અંજન,
બંધ મુક્ત ભાવ છેદ સ્વસ્થ હોત ભવ્યજન;
ધ્યાવો નંદ નિશિદિન ગ્રહી કુંદકા બચન.—કુંદ૦

---

# શ્રી જિન સ્તવન

( માલીની—રાગ )

જિન નમિ અરિહંતા, દેવના દેવ સંતા,
કુમત તિમિર નાશે, કર્મ ભેદે અનંતા;
દિવ્યધ્વની ગુણવાણી, દેશના હિતકારી,
ભવિ સમકિત પાવે, બોધ શુદ્ધાત્મ ધારી. ૧

ત્રિજગત હિતકારી, મોહ મિથ્યાત હારી,
અખલિત વર નાણું, કેવલં દર્શ ધારી;
ચરણ વિરજ પૂરે, આતમાનંદકારી,
દુવિધ ધરમ દાખે, મોક્ષમાર્ગાધિકારી. ૨

સમવસરણ બિરાજે, પ્રાતિહાર્યાદિ શોભા,
પરખદ મલિ બારે. સેવતા થીર થોભા;
સવિ સુરનર સેવે, આત્મતા આત્મ પાવે,
પર મમત નશાવે, શુદ્ધતા આપ ભાવે. ૩

દુરિત દુર નશાવે, શુદ્ધ સ્યાદ્વાદ ભાવે,
ત્રિકરણ થિર સેવા, ધ્યાનમાં જેહ ધ્યાવે;
થિર શુકલ સુધ્યાને, ઘાતિ ચારે ખપાવે,
સેવક જિન સેવી, શાશ્વતાનંદ પાવે, ૪

# શ્રી સુમતિનાથ જિન સ્તવન

(શિખરણી—રાગ)

સ્વયં શાંતિ સદ્મં, સુમતિ જિનચંદા જગગુરુ,
અખંડાનંદી તું, સ્વગુણનિધિ માંહી સુખભરું;
અનંતા ધર્મો સૌ, વિમલ પરિણામે, પરિણમે,
અનુયાયી વર્તે, પરમ ગુણથી તે સહુ સમે.
સ્વકર્તા ભોક્તા જે, સ્વગુણ રમની નિઃપરિગ્રહી;
સ્વવ્યાપી સંતોષી, સ્વગુણ નિધિ ત્રાતા પ્રભુ સહી,
સદા જ્ઞાતા દ્દષ્ટા અમિત સુખ વ્યક્તિ શિવપતિ;
મહા વીર્યાબાધા અચલ ગુણ પત્તા નિત થિતી.
અલેશી અસ્પર્શી, અવરણ અગંધી રસ વિના;
અરાગી અદ્વેષી, પ્રભુ પરમ આધાર ભવિના.
ન જાણ્યાં તત્ત્વોમે, શુદ્ધનય પ્રમાણે મૂઢમતે;
અનાચારે વર્તી ભવભ્રમણ કીધાં દુરગતે,
વિભાવે મોહ્યો હું, સુખ ગણી ગણીને પર વિષે;
સહ્યાં ભારે દુઃખો, કરમ ઉદયે મેં પર વશે.
મહત પુણ્યે આજે, સેવક શ્રીગુરુ પ્રેરક મળ્યા,
મળે જેને સેવ્યા, ગુણ સમકિતાદિ નિરમળા.
ગ્રહ્યું મેં સંતોષે, ભય હરણ ત્હારા શરણને;
અચિરે ઉદ્ધારો, ભવજલનિધિથી પ્રભુ મને.

---

# પંચકલ્યાણક–પાઠ

---

પણ વિવિ પંચ પરમગુરુ ગુરુ જિનશાસનો,  
સકલસિદ્ધિદાતાર સુ વિઘનવિનાશનો.  
સારદ અરુ ગુરુ ગૌતમ સુમતિપ્રકાશનો,  
મંગલ કર ચઉ, સંઘહિં પાપપણાસણો.

પાપહિં. પણાસન ગુણહિં ગરુવા દોષ અષ્ટાદશ–રહિઉ,  
ધરિ ધ્યાન કરમ વિનાસ કેવલજ્ઞાન અવિચલ જિન લહિઉ;  
પ્રભુ પંચકલ્યાણક વિરાજિત સકલ સુર નર ધ્યાવહીં,  
ત્રૈલોકયનાથ સુદેવ જિનવર જગત મંગલ ગાવહીં. ૧

## ૧–ગર્ભકલ્યાણક

જાકે ગરભકલ્યાણક, ધનપતિ આઇયો,  
અવધિજ્ઞાન. પરવાન, સુ ઇંદ્ર પઠાઇયો;  
રચિ નવ બારહ જોજન, નયરિ સુહાવની,  
કનકરયણમણિમંડિત. મંદિર અતિ બની.

અતિ બની પૌરિ પગારિ પરિખા, સુવન ઉપવન સોહયે,  
નર નારિ સુન્દર ચતુરભેખ સુ, દેખ જન મન મોહયે;  
તહં જનકગૃહ છહ માસ પ્રથમહિં, રતન ધારા બરસિયો,  
પુનિ રુચિકવાસિનિ જનનિ સેવા, કરહિં સબવિધિ હરષિયો. ૨

સુરકુંજરસમ કુંજર, ધવલ ધુરંધરો,
કેહરિ-કેશર-શોભિત, નખ શિખ સુંદરો;
કમલા-કલશ-ન્હવન, દુઈ દામ સુહાવની.
રવિ-શસિ-મંડલ મધુર, મીન-જુગ પાવની.

પાવનિ કનક-ઘટ-જુગમ પૂરન, કમલકલિત સરોવરો,
કલ્લોલમાલાકુલિતસાગર, સિંહપીઠ મનોહરો;
રમણીક અમર-વિમાન ફણિપતિ-ભુવન રવિ-છવિ છાજહી,
રુચિ રતન-રાશિ દિપંત દહન સુ, તેજપુંજ વિરાજહી. ૩

યે સખિ સોલહ સુપને, સૂતી શયનહીં.
દેખે માય મનોહર, પશ્ચિમ રયનહીં.
ઉઠિ પ્રભાત પિય પૂછિયો, અવધિ પ્રકાશિયો,
ત્રિભુવનપતિ સુત હોસી, ફલ તિહઁ ભાસિયો.

ભાસિયો ફલ તિહિં ચિંત, દમ્પતિ, પરમ આનન્દિત ભયે,
છહમાસપરિ નવમાસ પુનિ તહં, રૈન દિન સુખસોં ગયે;
ગર્ભાવતાર મહંત મહિમા, સુનત સબ સુખ પાવહીં,
ભણિ 'રૂપચન્દ' સુદેવ જિનવર જગત મંગલ ગાવહીં. ૪

## ૨—જન્મ કલ્યાણક

મતિ શ્રુત-અવધિવિરાજિત, જિન જબ જનમિયો.
તિહું લોક ભયો ક્ષોભિત, સુરગણ ભરમિયો;
કલ્પવાસિ-ઘર ઘંટ, અનાહદ બજ્જિયા,
જ્યોતિષઘર હરિનાદ, સહજ ગલ ગજ્જિયા.

ગજ્જિયા સહજહિં સંખ ભાવન, ભુવન સબદ સુહાવને,
વિંતર-નિલયંપટુ પટહ બજ્જહિં કહત મહિમા કયોં બને;
કંપિત સુરાસન અવધિબલ જિન-જનમ નિહચૈ જાનિયો,
ધનરાજ તબ ગજરાજ માયામયી નિરમય આનિયો. ૫

જોજન લાખ ગયંદ, વદન સો નિરમયે,
વદન વદન વસુદંત, દંત સર સંઠએ;
સર-સર સૌ પનવીસ, કમલિની છાજહીં,
કમલિનિ કમલિનિ કમલ, પચીસ વિરાજહીં.

રાજહીં કમલિની કમલઠંઠાતર, સૌ મનોહર દલ બને,
દલ-દલહિં અપછર નરહિં નવરસ હાવ ભાવ સુહાવને;
મણિ કનક કિંકણિ વર વિચિત્ર, સુ અમરમંડપ સોહયે,
ઘન ઘંટ ચંવર ધુજા પતાકા, દેખિ ત્રિભુવન મોહયે. ૬

તિહિં કરિ હરિ ચઢિ આયઉ, સુર-પરિવારિયો,
પુરિહિ પ્રદચ્છન દે ત્રય, જિન જયકારિયો;
ગુપ્તજાય-જિન-જનનિહિં, સુખનિદ્રા રચી,
માયામયિ શિશુ રાખિ તૌ, જિન આન્યો સચી.

આન્યો સચી જિનરૂપ નિરખત, નયન તૃપતિ ન હૂજિયે,
તબ પરમ હરષિત હૃદય હરને, સહસ લોચન પૂજિયે;
પુનિ કરિ પ્રણામ જુ પ્રથમ ઈંદ્ર, ઉછંગ ધરિ પ્રભુ લીનઊ,
ઈશાન ઈંદ્ર સુ ચંદ્ર છવિ સિર, છત્ર પ્રભુકે દીનઊ.

સનતકુમાર માહેંદ્ર, ચમર દુઈ ઢારહીં,
શેષ શક્ર જયકાર, સબદ ઉચ્ચારહીં;

ઉચ્છવ-સહિત ચતુર્વિધ, સુર હરષિત ભયે,
જોજન સહસ નિન્યાનવ, ગગન ઉલંઘિ ગયે.

લંઘિગયે સુરગિરિ જહાં પાંડુક-વન વિચિત્ર વિરાજહીં,
પાંડુક શિલા તહં અર્દ્ધચંદ્ર સમાન, મણિ-છવિ છાજહીં;
જોજન પચાસ વિશાલ દુગુણાયામ, વસુ ઊંચી ગની,
વર અષ્ટ-મંગલ-કનક કલસનિ, સિંહપીઠ સુહાવની.

રચિ મણિમંડપ શોભિત, મધ્ય સિંહાસનો,
થાપ્યો પૂરવ મુખ તહૅં, પ્રભુ કમલાસનો;
બાજહિં તાલ મૃદુંગ, વેણુ વીણા ઘને,
દુંદુભિ પ્રમુખ મધુર ધુનિ, અવર જુ બાજને.

બાજને બાજહિં સચી સબ મિલિ, ધવલ મંગલ ગાવહીં
પુનિ કરહિં નૃત્યસુરાંગના સબ, દેવ કૌતુક ધાવહીં:
ભરિ છીરસાગર જલ જુ હાથહિં, હાથ સુરગિરિ લ્યાવહીં,
સૌધર્મ અરુ ઇશાન ઇન્દ્ર સુ કલસ લે પ્રભુ ન્હાવહીં. ૯

વદન ઉદર અવગાહ કલસગત જાનિયે,
એક ચાર વસુ યોજન માન પ્રમાનિયે;
સહસ-અઠોતર કલસા, પ્રભુકે સિર ઢરંઈ,
પુનિ સિંગાર પ્રમુખ, આચાર સબ કરંઈ.

કરિ પ્રગટ પ્રભુ મહિમા મહોચ્છવ, આનિ પુનિ માતહિં દયો,
ધનપતિહિં સેવા રાખિ સુરપતિ, આપ સુરલોકહિં ગયો;
જનમાભિષેક મહંત મહિમા, સુનત સબ સુખ પાવહીં,
ભણિ ‘રૂપચન્દ’ સુદેવ જિનવર, જગત મંગલ ગાવહીં. ૧૦

## તપકલ્યાણક

શ્રમજલરહિત શરીર, સદા સબ મલ-રહિઉ,
છીર-વરન વર રુધિર, પ્રથમ આકૃતિ લહિઉ;
પ્રથમ સાર સંહનન, સરૂપ વિરાજહીં;
સહજ સુગંધ સુલચ્છન, મંડિત છાજહીં.
છાજહિં અતુલબલ પરમ પ્રિય હિત, મધુર વચન સુહાવને,
દસ સહજ અતિશય સુભગ મૂરતિ, બાલલીલ કહાવને;
આબાલ કાલ ત્રિલોકપતિ મનરુચિત ઉચિત જુ નિત નએ,
અમરોપનીત પુનીત અનુપમ, સકલ ભોગ વિભોગએ. ૧૧
ભવતન ભોગ વિરત્ત કદાચિત ચિત્તએ,
ધન જોબન પિય પુત્ત કલત્ત અનિત્તએ;
કોઉ ન સરન મરનદિન દુખ ચહુંગતિ ભરયો;
સુખદુઃખ એકહિ ભોગત, જિય વિધિવસિ પરયો.
પર્યો વિધિવસિ આન ચેતન, આન જડ જુ કલેવરો,
તન અશુચિ પરતેં હોય આસ્રવ, પરિહરેતેં સંવરો;
નિરજરા તપબલ હોય, સમકિત, વિન સદા ત્રિભુવન ભમ્યો,
દુર્લભ વિવેક વિના ન કબહૂં, પરમ ધરમ વિષૈ રમ્યો. ૧૨
યે પ્રભુ બારહ પાવન ભાવન ભાઇયા,
લૌકાંતિક વર દેવ નિયોગી આઇયા;
કુસુમાંજલિ દે ચરન કમલ સિર નાઇયો,
સ્વયંબુદ્ધ પ્રભુ થુતિકર તિન સમુઝાઇયો.
સમુઝાય પ્રભુકો ગયે નિજપુર, પુનિ મહોચ્છવ હરિ કિયો,
રુચિરુચિર ચિત્ર વિચિત્ર શિબિકા, કર સુનંદન-બન લિયો;

તહં પંચમૂઠી લોંચ કીનોં, પ્રથમ સિદ્ધનિ થુતિ કરી,
મંડિય મહાવ્રત પંચ દુદ્ધર સકલ પરિગહ પરિહરી. ૧૩

મણિમય ભાજન કેશ, પરિઠિય સુરપતી,
છીરસમુદ્ર-જલ ખિપ કરિ, ગયો અમરાવતી;
તપ-સંજમ-બલ પ્રભુકો, મનપરજય ભયો,
મૌનસહિત તપ કરત, કાલ કછુ તહઁ ગયો;

ગયો કછુ તહં કાલ તપબલ, રિદ્ધિ વસુવિધિ સિદ્ધિયા.
જસુ ધર્મધ્યાનબલેન ખયગય, સપ્ત પ્રકૃતિ પ્રસિદ્ધિયા;
ખિપિ સાતવેં ગુણ જતનવિન તહં, તીન પ્રકૃતિ જુ બુધિ બઢિઉ,
કરિ કરણ તીન પ્રથમ સુકલબલ, ક્ષિપકસેની પ્રભુ ચઢિઉ ૧૪

પ્રકૃતિ છતીસ નવેં ગુણથાન વિનાસિયા,
દસવેં સૂક્ષમ લોભ પ્રકૃતિ તહઁ નાસિય;
સુકલ-ધ્યાનપદ દૂજો પુનિ પ્રભુ પૂરિયૌ,
બારહવેં ગુણ સોરહ પ્રકૃતિ જુ ચુ રયૌ.

ચૂરિયૌ ત્રેસઠ પ્રકૃતિ ઈહ વિધિ, ઘાતિયા-કરમનિતની,
તપ કિયો ધ્યાનપ્રયંત બારહ-વિધિ ત્રિલોક-સિરોમની;
નિઃક્રમણ-કલ્યાણક સુમહિમા, સુનત સબ સુખ પાવહીં,
ભણી 'રૂપચન્દ' સુ દેવ જિનવર, જગત મંગલ ગાવહીં. ૧૫

## ૪–જ્ઞાનકલ્યાણક

તેરહવેંગુણથાન સયોગિ જિનેસુરો,
અનંતચતુષ્ટય મંડિત, ભયો પરમેસુરો;
સમવસરન તબ ધનપતિ, બહુવિધિ નિરમયો,
આગમજુગતિ પ્રમાન, ગગનતલ પરિઠયો.

પરિઠયે ચિત્ર વિચિત્ર મણિમય, સભામંડપ સોહયે,
તિહિમધ્ય બારહ બને કોઠે, બનક સુરનર મોહયે;
મુનિ કલપવાસિનિ અરજિકા પુનિ, જ્યોત–ભૌમ–ભુવનતિયા,
પુનિ ભવનવ્યંતર નભગ સુર નર પસુનિ કોઠે બૈઠિયા. ૧૬

મધ્યપ્રદેશ તીન મણિપીઠ તહાં બને,
ગંધકુટી સિંહાસન કમલ સુહાવને;
તીન છત્ર સિર સોહત ત્રિભુવન મોહએ,
અંતરીચ્છ કમલાસન પ્રભુતન સોહએ.

સોહયે ચૌસઠિ ચમર ઢરત, અશોકતરુતલ છાજએ,
પુનિ દિવ્યધુનિ પ્રતિસબદજુત તહં, દેવ દુંદુભિ બાજએ;
સુરપુહુપવૃષ્ટિ સુપ્રભામંડલ, કોટિ રવિ છવિ છાજએ,
ઇમિ અષ્ટ અનુપમ પ્રાતિહારજ, વર વિભૂતિ વિરાજએ. ૧૭

દુઈસે જોજનમાન સુભિચ્છ ચહૂં દિસી,
ગગનગમન અરુ પ્રાણી–વધ નહિં અહ-નિસી;
નિરુપસર્ગ નિરાહાર સદા જગદીશએ,
આનન ચાર ચહૂંદિસિ સોભિત દીસએ.

દીસય અસેસ વિસેસ વિદ્યા, વિભવ વર ઇસુરપનો,
છાયાવિવર્જિત સુદ્ધ ફટિક, સમાન તન પ્રભુકો બનો;
નહિં નયન પલક પતન કદાચિત, કેસ નખ સમ છાજહીં,
યે ઘાતિયાછયજનિત અતિશય, દસ વિચિત્ર વિરાજહીં. ૧૮

સકલ અરથમય માગધિ ભાષા જાનિયે,
સકલ જીવગત મૈત્રી ભાવ-બખાનિયે;

સકલ રિતુજ ફલ-ફૂલ-વનસ્પતિ મન હરૈ,
દરપનસમ મનિ અવનિ પવન ગતિ અનુસરૈ.
અનુસરૈ પરમાનંદ સબકૌં, નારિ નર જે સેવતા,
જોજન પ્રમાન ધરા સુમાર્જહિ, જહાં મારુત દેવતા;
પુનિ કરહિં મેઘકુમાર ગંધોદક સુવૃષ્ટિ સુહાવની,
પદકમલતર સુર ખિપહિં કમલ સુ, ધરણિશશિશોભા બની. ૧૯

અમલ ગગનતલ અરુ દિસિ તહઁ અનુહારહીં,
ચતુરનિકાય દેવગણ જય જયકારહીં,
ધર્મચક્ર ચલૈ આગૈં, રવિ જહઁ લાજહીં,
પુનિ ભંગારપ્રમુખ વસુ મંગલ રાજહી.
રાજહીં ચૌદહ ચારુ અતિશય, દેવ રચિત સુહાવને,
જિનરાજ કેવલજ્ઞાનમહિમા, અવર કહત કહા બને;
તબ ઇંદ્ર આય કિયો મહોચ્છવ, સભા સોભા અતિ બની,
ધર્મોપદેશ દિયો તહાં, ઉચ્ચરિય વાની જિન તની. ૨૦

છુધા તૃષા અરુ રાગ રોષ અસુહાવને,
જનમ જરા અરુ મરણ ત્રિદોષ ભયાવને;
રોગ સોગ ભય વિસ્મય અરુ નિદ્રા ઘની,
ખેદ સ્વેદ મદ મોહ અરતિ ચિંતા ગની.
ગનિયે અઠારહ દોષ તિંનકરી, રહિત દેવ નિરંજનો,
નવ પરમ કેવલલબ્ધિ મંડિત, સિવરમનિ-મનરંજનો;
શ્રીજ્ઞાનકલ્યાણક સુમહિમા, સુનત સબ સુખ પાવહીં,
ભણિ 'રૂપચન્દ' સુદેવ જિનવર, જગત મંગલ ગાવહીં. ૨૧

## ૫–નિર્વાણકલ્યાણક

કેવલદૃષ્ટિ ચરાચર દેખ્યો [1]જારિસો,
ભવ્યનિ પ્રતિ ઉપદેસ્યો જિનવર [2]તારિસો;
ભવભયભીત ભવિકજન સરણૈ આઇયા,
રત્નત્રયલચ્છન સિવપંથ લગાઇયા.

લગાઈયા પંથ જુ ભવ્ય પુનિ પ્રભુ, તૃતિય સુકલ જુ પૂરિયો,
તજિ તેરવાં ગુણથાન જોગ, અજોગપથ પગ ધારિયો;
પુનિ ચૌદહેં ચૌથે સુકલબલ, બહત્તર તેરહ હતી,
ઇમિ ઘાતિ વસુવિધ કર્મ પહુંચ્યો, સમયમૈં પંચમગતી. ૨૨

લોક સિખર તનુવાત-વલયમહૈં સંઠિયો,
ધર્મદ્રવ્ય વિન ગમન ન જિહિ આગૈ કિયા;
મયનરહિત [1]મૂષોદર અંબર જારિસો,
કિમપિ હીન નિજ-તનુતૈં ભયો પ્રભુ તારિસો.

તારિસો પર્જય નિત્ય અવિચલ, અર્થપર્જય છનછયી,
નિશ્ચયનયેન અનંતગુણ, વિવહાર નય વસુ ગુણમયી;
વસ્તુસ્વભાવ વિભાવવિરહિત, સુદ્ધ પરિણતિ પરિણયો,
ચિદ્રૂપ પરમાનંદમંદિર, સિદ્ધ પરમાતમ ભયો. ૨૩

તનુપરમાણુ દામિનિવત, સબ ખિરગએ,
રહે શેષ નખકેશ રૂપ, જે પરિણએ;
તબ હરિપ્રમુખ ચતુરવિધિ, સુરગણ શુભસચ્યો,
માયામયિ નખ કેશરહિત, જિનતનુરચ્યો.

---

૧. જારિસો જૈસા. ૨. તારિસો–તૈસા.

રચિ અગર-ચંદન પ્રમુખ પરિમલ, દ્રવ્ય જિન જયકારિયો,
પદપતિત અગનિકુમાર મુકુટાનલ, સુવિધ સંસ્કારિયો;
નિર્વાણ કલ્યાણક સુ મહિમા, સુનત સબ સુખ પાવહીં,
ભણિ '**રૂપચન્દ**' સુદેવ જિનવર, જગત મંગલ ગાવહીં. ૨૪

મૈં મતિહીન ભગતિવસ, ભાવન ભાઈયા,
મંગલ ગીતપ્રબંધ, સુ જિનગુણ ગાઇયા;
જો નર સુનહિ, બખાનહિં, સુર ધરી ગાવહીં,
મનવાંછિત ફલ સો નર, નિહચૈ પાવહીં.

પાવહીં આઠૌં સિદ્ધિ નવ નિધિ, મન પ્રતીત જો લાવહીં,
ભ્રમ ભાવ છૂટૈ સકલ મનકે, નિજ સ્વરૂપ લખાવહીં;
પુનિં હરહિં પાતક હરહિં વિઘ્ન, સુ હોહિં મંગલ નિત નયે,
ભણિ '**રૂપચન્દ**' ત્રિલોકપતિ, જિનદેવ ચઉસંઘહિ જયે. ૨૫

# શ્રી વીર જિન સ્તવન

( રાગ–અહા કેવું ભાગ્ય જાગ્યું )

અહો મારાં નસિબ જાગે, વીરનાં વચનો મળ્યાં;
શક્ર સેવિત વચન રાગે, કારજ મુજ સઘળાં ફળ્યાં. અહો. ૧

વર્દ્ધમાન તુજ મૂરતિ પ્રેમે, દુરિત મુજ દૂરે ગયાં;
તીર્થેશ્વર તુજ દર્શ દેખી, કાર્ય મુજ નિકટ થયાં. અહો. ૨

અજરામર તુજ રૂપડું નીરખી, મનડું મુજ હર્ષિત થયું;
શિવંકર તુજ મુખડું દેખી, ચિતડું મુજ વિકસિત થયું. અહો. ૩

અવિકારી તુજ નયન પેખી, નયન મુજ ઉલ્લસિત થયાં;
ધ્યાનેશ્વરી તુજ કરને નીરખી, મુજ કર અતિ લજ્જિત ભયાં. અ. ૪

જગદીશ્વર તુજ ચરણ નીરખી, મુજ હૃદય ચરણે ગયું;
કરુણાસિન્ધુ તુજ કૃપાથી, મુજ જીવન સફલ થયું. અહો. ૫

કૃપાનિધિ તુજ મીઠી નજરે, ભવ્ય જીવ મુક્તે ગયા;
યોગીનાથ તુજ દર્શન યોગે, દુઃખિયા પણ સુખિયા થયા. અહો. ૬

તીર્થપતિ તુજ વંદન ધ્યાને, દેડકો પણ દેવ થયો;
દયાનિધિ તુજ શરણ ગ્રહીને, અભિમાની પણ નમી ગયો. અ. ૭

એમ મહિમાં તુજ સાંભળીને, હરખે જે તુજને યજે;
સેવક તુમારા ચરણ સેવીને, તેહી અમૃત પદને ભજે. અહો. ૮

## શ્રી નેમનાથ જિન સ્તવન

(રાગ-જાવો જાવો અય મેરે સાધુ રહો ગુરૂ કે સંગ)

આવો આવો હે નેમસ્વામી, મ્હારા અંતરમાં,
બાલપણે થયાં બ્રહ્મચારી, તારક જગના નાથ;
ગિરનાર ગિરિમાં મ્હાલી પ્રભુજી, કીધુ આતમ કાજ. આવો. ૧
સહેસાવનમાં સંયમ લઈને, પામ્યા કેવલજ્ઞાન;
ચઉમુખે દેઈ ધર્મ દેશના, કરાવ્યું આતમ ભાન. આવો. ૨
પશુડાં બ્હાને સાન કરીને, તારી રાજુલ નાર;
સંયમ રસનો સ્વાદ ચખાડી, આપ્યું પદ અણાહાર. આવો. ૩
નાથ નિરંજન ભવ ભય ભંજન, કર્યો કરમનો નાશ;
ત્રિભુવન સ્વામી શિવ વધુ ગામી, મ્હારે તુમારી આશ. આવો. ૪
માતા શિવાદેવી જાયા, જય જગમાં જિનરાજ;
મ્હેર કરી, જિનજી સેવકને, આપો શિવપુર રાજ. આપો. ૫

---

## શ્રી જિન સ્તવન

(રાગ-પૂજારી મોરે મંદિરમેં આવો)

જિણંદા મેરા અંતરમેં આયો,
તેરે આનનકી ભદ્ર છાયામેં, અંતર મેરો મોહાયો. જિણંદા. ૧
તેરે જૈસે મેં નાથકો પામી, આનંદ મંગલ ગાયો;
મોહકો વારો આતમ તારો, તુંહિ મેરો હિતદાયો. જિણંદા. ૨

જિનવર જય જયકારી પ્રભુજી, અમર વધુ તું ગવાયો;
અંતરજામી સુખકર સ્વામી, તું મોરે નાથ મનાયો. જિણંદા. ૩
તુમ દર્શામૃત પાન કરીને, અંતર મેલ મિટાયો;
ભવજળ ઝાઝ પ્રભુ પામીને, ભવોદધિ પાર પમાયો. જિણંદા. ૪

---

## શ્રી જિન સ્તવન

(રાગ–મોહે પ્રેમકે ઝુલે ઝુલાદો કોઈ)

મેરા જીવકા નાથ જિણંદા પાયે, મેરા પ્રાણકે નાથ જિણંદા પાયે.
તેરે જૈસા રે અવર ન દેખા, તુંહિ અદ્‌ભુત ઈહાં સુરિંદા પાયે. મેરા. ૧
ક્ષાયક જ્ઞાનકી જ્યોત ધરત હૈ, તુંહિ એક અવ્વલ દિણંદા પાયે મે. ૨
તોડી કરમકો ગુણ અનંતે, પ્રભુ ધારક તુંહિ મુણિંદા પાયે. મેરા. ૩
તેરે શાસન રસ અમૃતધારા, પાન કરે સો જિણંદા થાયે. મેરા. ૪

---

## શ્રી સીમંધર જિન સ્તવન

(નદી કીનારે બૈઠકે આવો–એ-રાગ)

નમી નમીને જિનવર ધ્યાવો, માનવ ભવ ફલ પાવો;
મન વચ કાયા એક કરીને, પલ પલ દિલ જિન લાવો. નમી. ૧
ભક્તિ–[૧]મયુરી રંગે સંગે, કર્મ–[૨]ભુજંગ ભગાવો;
કલ્પતરૂ સમ જિનવર સેવી, મનવંછિત સુખ પાવો. નમી. ૨
ચંદ્ર-ચકોર દિવાકર-ચકવા, ચાતક–મેઘ સમ ધ્યાવો;
ચંદન શીતળ પરે એકમેક થઈને, આતમ જ્યોતિ મિલાવો. નમી. ૩

---

૧. ભક્તિરૂપી ઢેલ–મોરલી. ૨. કર્મરૂપી સર્પ.

જિન-ગુણ-નંદન-વનમાં વિચરી, ચિત્ત-સમાધિ જગાવો;
કેવલ-કમલા વિમલા[1] કલિતા, મુક્તિ લીલા સુખ પાવો. નમી. ૪
સત્ય માત તાત શ્રેયાંસ જસ, જગત તાત વધાવો;
શ્રી સદ્‌ગુરુ ચરણોપાસક, ભક્ત કહે ગુણ ગાવો. નમી. ૫

---

## શ્રી સીમંધર જિન સ્તવન

મૈં વિદેહીપ્રભુ મુખચંદ પુનમચંદ ધ્યા....વું....રે,
મૈં જિનકા સંગી બનકે દિલ ઉલસા...વું....રે.
મૈં રાગ દ્વેષ છટકાવું, નહિં મોહ પાશમેં આવું,
મૈં દિલવર જિન દિલ લાવું, તુમ ગુણ ગા...વું ... રે. મૈં વિદેહી૦૧
મૈં વીતરાગી કંદ જિણંદપદ ધ્યા....વું....રે.
મૈં ચિત્તચકોર કે ચંદ જિણંદચંદ ગા....વું...રે.
મૈં [2]આલપાલ વિલસાવું, નહિ ભવ [3]ભાલ મૈં પાવું,
મૈં પલપલ મંગલ પાવું, તુમ ગુણ ગા....વું...રે. મૈં વિદેહી૦૨
મૈં તાલ તાલ ગુન ગાવું, મૈં મન કજકો વિકસાવું,
મૈં શ્રી જિનવર કે સેવક બનકે ગા....વું...રે.
મૈં ગુરુવર સેવક બનકે દિલ ઉલસા....વું....રે.
મૈં વ્હાલ વ્હાલ કર નિશદિન શીશ નમા...વું....રે.
મૈં ન્યાલ ન્યાલ કર જિનવર તુમ ગુણ ગા....વું....રે મૈં વિદેહી૦૩

---

૧. નિર્મળ કેવળ જ્ઞાનરૂપી લક્ષ્મીથી સહિત. ૨. સેવાભક્તિ.
૩. વૃક્ષો તથા પાણી વિનાનું શૂન્ય જંગલ.

## શ્રી જિન સ્તવન

( રાગ–રખીયા બંધાવો ભૈયા )

જિનજીકો ધ્યાવો ભૈયા, ગુણ ગણ ગાવો રે
મૂરતિ પ્રભુકી ભાલી સુરત હૈ નિરાલી,
તારે તું મારી નૈયા, જય જગ દીવો રે. જિનજી૦

પૂજનકી થાલી, લગી હય લય ભારી,
તારે તું મોરી નૈયા, જય જગ દીવો રે. જિનજી૦

ચઉગતિને હારી, આતમ ગુણકારી,
કર્મોનો થાવો ખાઇયાં, જય જગ દીવો રે, જિનજી૦

ગુણોંકી શ્રેણી આલી, દેતી હૈ દુઃખ ટાલી,
સેવો સદા એ સૈયાં જય જગ દીવો રે. જિનજી૦

વિદેહી જિણંદાસે, પ્રીત લગી હૈ મોહે,
જિણંદ સેવક ગુણ ગઇયાં જય જગ દીવો રે. જિનજી૦

---

જય આદિ જિનંદ સુચંદ નમો, જય ઇંદ્ર નરિંદ્ર સુવંદ્ય નમો;
જય મોહ મહા અરિફંદ નમો, જય આનંદ કંદ જિનંદ નમો. ૧

યુગ આદિ જિનં વિભુ દેવ નમો, જગજીવન કે પ્રભુ દેવ નમો;
જય લોક હિતંકર નાથ નમો, યુગમે અભયંકર નાથ નમો. ૨

જય આદિ જિનેશ મહેશ નમો, જય વંદિત ઇશ સુરેશ નમો;
સુકૃષિ મસિ આદિ પ્રકાશ નમો, શિવમારગ કે પરકાશ નમો. ૩

જયલોક અલોક વિકાસ નમો, ચિદ્ આતમ જ્યોતિ વિલાસ નમો;
શત પાંચ ધનુષ વિશાલ નમો, કનક મહાદ્યુતિ ભાલ નમો. ૪
ભવસાગર તારણ સેત નમો, દુઃખ દ્વંદ નિવારણ હેત નમો;
જય સાત તત્ત્વ પરકાશ નમો, જિનેશ મહેશ મહેશ નમો. ૫
સમોસૃતિ સંપત્તિ પ્રાપ્ત નમો, નિરદોષ જિનેશ સુ આપ્ત નમો;
જય શ્રીધર શ્રીકર દેવ નમો, જય શ્રીવર શ્રીભર સેવ નમો. ૬
જય મુક્તિ રમાપતિ પાદ નમો, જય ભવ દુઃખ નાશક પાદ નમો;
જય દિન દયાલ કૃપાલ નમો, જય નાથ અનાથા નૃપાલ નમો. ૭
જગ જીવનકો ઉચ્ચાર નમો, કૃત કૃત્ય પ્રભુ જગતાર નમો;
જય કેવલ ભાન અમાન નમો, જગ પૂજ્ય શિરોમન જાત નમો. ૮
ભવ સંકટ ભંજન પાય નમો, નિત મંગલ વૃંદ વધાય નમો;
ભગવંત સુસંત અનંત નમો, જયવંત મહંત નમંત નમો. ૯

---

## શ્રી શાંતિનાથ જિન સ્તવન

( ઇન્દ્રવજ્રા છંદ ) ( કલાણકંદં પઢમં જિણંદ-રાગ )

શ્રી શાંતિ તીર્થેશ સુશાંતિ ધામ, સર્વે પ્રદેશે શુચિ આત્મરામ;
સર્વે સ્વધર્મો પ્રગટ્યા મહંત, દગ જ્ઞાન ચારિત્ર સુવીર્યવંત. ૧
અજ્ઞાન રાત્રી હણવા દિણંદ, ક્રોધાદી તાપો હરવા સુચંદ્ર;
સંસારથી તારણ પ્રૌઢ પોત, સિદ્ધિ નિધિ ભાસન પૂર્ણ જ્યોત. ૨
સ્યાદ્વાદ વાક્યે સુનયે પ્રસિદ્ધ, જીવાદી તત્ત્વો ઉપદેશ કીધ;
દ્વિધા પ્રકારામય ધર્મ ત્હારો, સાધુજનોને શિવ આપનારો. ૩

મ્હારી સુઆણા હૃદયે ઠરે જો, મોહાદિ શત્રુ સહજે મરે તો;
સંતોષ લે સૂખ અનંત આપ, ઉપકાર એ સદ્ગુરુનો અમાપ. ૪

---

## શ્રી ગુરુ ગુણ વંદન

(શાર્દુલ વિક્રીડિત છંદ)

આધાધાર સવે ભાવિક જનને, શુદ્ધોપદેશી સદા;
શાંતિદાયક એ શ્રી કહાનગુરુને, શ્રીમંત ત્રાતા મુદા. ૧
વંદું હું વિનયે સદા પરમથી, ધ્યાતો નિજાનંદને;
જાગ્યો છું સુણિ વાણિ તારી વિમલી' સાચા ખરા ઉદ્યમે ૨
વાણી જો ન લહી તુમારી ભવમાં, દુઃખે ભરી મેં સહ્યો;
પામ્યો આજ મનુજનો સફલતો, કીજે પ્રભુએ કહ્યો. ૩
વાણી આજ લહી પ્રભુની અચલી, સિદ્ધિ લહીશું ખરી;
સાધીશું કરિ મોહ દૂર સુમતે, સંતોષ હૈડે ઠરી. ૪

---

## શ્રી વિમલનાથ જિન સ્તવન

(વસંતતિલકા-રાગ)

કલ્યાણકારી વિમલેશ અશેષ નાણી, તિક્ષ્ણોપયોગ અચલે કરી
કર્મ હાણી;
દાનાદિ લબ્ધિ નિજ પૂર્ણ અખંડ ભોગી, વર્ણાદિ પુદ્ગલ
વિભાવથી નિઃપ્રયોગી.

શોભિત આશ્ચર્ય અતિશય યુક્ત દેવ, ચક્રેશ દેવ ગણનાથ
નમે સસેવ;
ભામંડલાદિ અનુંપ વસુ પ્રાતિહાર્ય, એવા જિનેશ દરશે
પ્રગટે સુકાર્ય.
મિથ્યાત પંચ તમ હર્ણ અનૂપ સૂર, સંસાર મોહ દવ
મેટન મેઘપૂર
નિક્ષેપ પક્ષ નય ભંગ પ્રમાણ યુક્ત, તત્ત્વોપદેશ દઈને
ભવિ કીધ મુક્ત

---

## મલ્લીનાથ જિન સ્તવન

(શિખરિણી છંદ)

નમો મલ્લિનાથં, કરમ મલ વ્યાધિ દુર કરો,
અનંતા જ્ઞાને તો, પૂરણ મુજ આત્મા સુખ ભરો;
અનંતાનંદી તું, સકલ ભવિ તારૂ ભયહરૂ,
તમારી આણામાં, મન વચન કાયા થિર કરું.
અનંતા જીવો સૌ, સગુણ નિધિ ભૂલી ભવ ભમે,
અચીરે ઉદ્ધારો, પ્રભુજી વિણ બીજો નવિ ગમે;
તર્યાં તારો તારો, સકલ મુજ વ્યક્તિ શિવ કરો,
પૂજ્યા દેવો વૃંદે, અચલ તુજ ધ્યાને રસ ભરો.
બહુને તાર્યા તેં, મુજ ગરિબ જાણી દુઃખ હરો,
સદા શરણે રાખો, સહુને સમભાવે સુખી કરો;

લહ્યો આશ્રય મોટો, સકલ ભય ભાગ્યો દરશતેં,
ભવાબ્ધિ ભીમેથી, તુમ સમ ન તારુ અવર છે;
લહ્યો મેં સ્યાદ્વાદં, કુમત તુજ તાપો નવિ સહે,
પૂજું હું આનંદે, મૃગમદ સુવાસે મહમહે.

---

(વસંતતિલકા છંદ)

## શ્રી શાંતિજિન સ્તવન

હું જ્ઞાનવંત અમલાન શુદ્ધાત્મ ભોગી,
જ્ઞાતા સદા અચલ એક પ્રમોદ યોગી;
રાખી સ્વભાવ પરભાવથી નિઃપ્રયોગી,
ના કામ છે પર પદે નહિ અન્ય યોગી,
ના રાગરોષ ન ન માન કરે કદાપિ,
ના સંગ રંગ ન ન પુદ્ગલ બુદ્ધિ થાપી;
શાંતિ જિનેશ પરમાત્મ સ્વભાવ લીના,
શાંતિ દિયે ભવિકને શિવરંગ ભીના;
દીનો સુબોધ સવિ મોહ વિકાર નાશે,
આત્મ વરે વિમલ જ્યોતિ મહા પ્રકાશે,
તેને નમો પરમહેતુ લખી જિણંદા,
દેવાધિદેવ પ્રભુ સેવિત ઇંદ્ર ચંદા;
સેવું સદા ચરણ શાંતિ જિણંદ એવા,
સાચી ફલે પરમ પૂજ્ય રૂડી સુ સેવા;

સ્વામી સમો અવર કોઈ પિતા ન દીઠો,
મેં તો લહ્યો સેવક મન નિજ હેતુ મીઠો.

---

## શ્રી સિદ્ધ સ્તવન

( રાગ–માલિની )

બહું વિનયથી વંદુ, સિદ્ધને સિદ્ધિદાતા,
સુખ અમિત અનંતે, શાંતિમાં છેક રાતા;
શિવ અવય અયોગી, લબ્ધિ પંચે પ્રકાશી,
ગઈ સકલ ઉપાધિ, જે અનંગી અનાશી.
પરમ શરમ સિદ્ધિ, જ્ઞાન આનંદ લીના,
વિમલ પરમ ભોગે, શાશ્વતા સુખ પીના;
પૂરણ પદ પ્રજાયા, અષ્ટ ગણાત્મ રાયા,
નિજ સહજ સ્વતંતા, મુક્તિધામે સુહાયા.
અખય અચલ દેવા, લોક અંતે બિરાજે,
અખિલ ધરમ વ્યક્તિ, દીપતા રાજ છાજે;
કરમ ભરમ નાશે, સિદ્ધને જેહ ધ્યાવે,
સવિ દુરિત ખપાવે, શુદ્ધ આનંદ પાવે.
સહજ થિર સમાધી; શુદ્ધ જ્યોતિ પ્રકાશે,
અઠ કરમ ક્ષયેથી, પૂર્ણતા પૂર્ણ ભાસે;
ધરમ શુકલ ધ્યાને, ધ્યાવતો ધ્યેય ધારી,
સેવક સુખ પામે, સિદ્ધતા શાંતિકારી.

---

# પંચબાલ બ્રહ્મચારી તીર્થંકર સ્તુતિ

જય જય પંચકુમાર નમસ્તે, અવિનાશી અવિકાર નમસ્તે,
જય ત્રિભુવન શિરતાજ નમસ્તે, તારણ તરણ જહાજ નમસ્તે. ૧
વાસુપૂજ્ય સુખકંદ નમસ્તે, સદ્ચિત્ત નિત્યાનંદ નમસ્તે,
બાલ જતી જગરાય નમસ્તે, સ્વાસ્થરૂપ બલદાય નમસ્ને, ૨
વિશ્વ દિવાકર ઈશ નમસ્તે, મોહ તિમિર રજનીશ નમસ્તે;
રત્નત્રય ધર વીર નમસ્તે, દસધા ધર્મ કુટીર નમસ્તે. ૩
મલ્હનાથ વર મલ્લ નમસ્તે, વીતરાગ નિશલ્લ નમસ્તે;
સમર સૂર સંહાર નમસ્તે, કીર્તિ સુયશ દાતાર નમસ્તે. ૪
રાગદ્વેષ પરિહાર નમસ્તે, પતિત અધમ ઉદ્ધાર નમસ્તે;
ધ્યેય જ્ઞેય ભગવંત નમસ્તે, જય શિવકામિનિ કંત નમસ્તે. ૫
હરિહર નેમકુમાર નમસ્તે, પુત્ર પૌત્ર સુખકાર નમસ્તે;
રાજમતી કર ત્યાગ નમસ્તે, વ્યાહ સમય વૈરાગ્ય નમસ્તે. ૬
ભુક્ત મુક્ત દાતાર નમસ્તે, નિરાકાર સાકર નમસ્તે;
અશરણ શરણ સહાય નમસ્તે, સકલ જીવ સુખદાય નમસ્તે. ૭
પાર્શ્વ અનાથના નાથ નમસ્તે, દર્શાયક શિવપાથ નમસ્તે;
શિવવર બાલ જતીશ નમસ્તે, આત્મ સંપત દાનીશ નમસ્તે. ૮
બ્રહ્મચારી બ્રહ્મદેવ નમસ્તે, મદન ચૂર સ્વયમેવ નમસ્તે;
શુદ્ધ બુદ્ધ ચિદ્રૂપ નમસ્તે, ધ્યાન ધુરા વૃષસ્તૂપ નમસ્તે. ૯
મહાવીર અતિ વીર નમસ્તે, વર્ધમાન ગુણ ધીર નમસ્તે;
શાંતિ જ્ઞાન તપ હેત નમસ્તે, ભવ રત્નાકર સેત નમસ્તે. ૧૦

વીર અનંગ જીતાર નમસ્તે, મુક્તિ વધુ ભવતાર નમસ્તે;
સહિત ચતુષ્ટયવંત નમસ્તે, જય જય જય જયવંત નમસ્તે. ૧૧

---

## શ્રી સિદ્ધ સ્તુતિ

### ( ત્રોટક )

સુખ સમ્યકદર્શનજ્ઞાન લહા, અગુરુલઘુ સૂક્ષમ વીર્ય મહા;
અવગાહ અબાધ અઘાયક હો, સબ સિદ્ધ નમો સુખદાયક હો. ૧

અસુરેંદ્ર સુરેન્દ્ર નરેંદ્ર જજે, ભુચરેન્દ્ર ખગેન્દ્ર ગણેન્દ્ર ભજે;
જર-જામન-મર્ણ મિટાયક હો, સબ સિદ્ધ નમો સુખદાયક હો. ૨

અમલં અચલં અકલં અકુલં, અછલં અસલં અરલ અતુલં;
અરલં સરલં શિવનાયક હો, સબ સિદ્ધ નમો સુખદાયક હો. ૩

અજરં અમરં અઘરં સુધરં, અડરં અહરં અમરં અધરં;
અપરં અસરં સબલાયક હો, સબ સિદ્ધ નમો સુખદાયક હો, ૪

વૃષવૃંદ અમંદ ન નિંદ લહે, નિરદંદ અફંદ સુછંદ રહે;
નિત આનંદવૃંદ બિધાયક હો, સબ સિદ્ધ નમો સુખદાયક હો. ૫

ભગવંત સુસંત અનંતગુણી, જયવંત મહંત નમંત મુની;
જગજંતુતણે અઘઘાયક હો, સબ સિદ્ધ નમો સુખદાયક હો. ૬

અકલંક અટંક શુભંકર હો, નિરડંક નિશંક શિવંકર હો;
અભયંકર શંકર ક્ષાયક હો, સબ સિદ્ધ નમો સુખદાયક હો. ૭

અતરંગ અરંગ અસંગ સદા, ભવભંગ અભંગ ઉતંગ સદા;
સરવંગ અનંગનસાયક હો, સબ સિદ્ધ નમો સુખદાયક હો. ૮

બ્રહ્મમંડ જુ મંડલમંડન હો, તિહું દંડ પ્રચંડ વિહંડન હો;
ચિદપિંડ અખંડ અકાયક હો, સબ સિદ્ધ નમો સુખદાયક હો. ૯
નિરભોગ સુભોગ વિયોગ હરે, નિરજોગ અરોગ અશોગ ધરે;
ભ્રમભંજન તીક્ષણ સાયક હો, સબ સિદ્ધનમો સુખદાયક હો. ૧૦

---

જય લક્ષ્ય અલક્ષ્ય સુલક્ષક હો, જય દક્ષક પક્ષક રક્ષક હો;
પણ અક્ષ પ્રતક્ષ ખપાયક હો, સબ સિદ્ધ નમો સુખદાયક હો. ૧
અપ્રમાદ અનાદ સુસ્વાદરતા, ઉનમાદ વિવાદ વિષાદહતા;
સમતા રમતા અકષાયક હો, સબ સિદ્ધ નમો સુખદાયક હો. ૨
નિરભેદ અખેદ અછેદ સહી, નિરવેદ નિવેદન વેદ નહિ;
સબ લોક અલોકકે જ્ઞાયક હો, સબ સિદ્ધ નમો સુખદાયક હો. ૩
અમલીન અદીન અરીન હને, નિજલીન અધીન અછીન બને;
જમકો ઘનઘાત બચાયક હો, સબ સિદ્ધ નમો સુખદાયક હો. ૪
ન અહાર નિહાર વિહાર કબૈ, અવિકાર અપાર ઉદાર સબૈ;
જગજીવન કે મનભાયક હો, સબ સિદ્ધ નમો સુખદાયક હો. ૫
અસમંધ અધંક અરંધ ભયે, નિરબંધ અખંદ અગંધ ઠયે;
અમનં અતનં નિરવાયક હો, સબ સિદ્ધ નમો સુખદાયક હો. ૬
નિરવર્ણ અકર્ણ ઉધર્ણ બલી, દુઃખહર્ણ અશર્ણ સુશર્ણ ભલી
બલિ મોહકિ ફોજભગાયક હો, સબ સિદ્ધ નમો સુખદાયક હો. ૭
અવિરૂદ્ધ અક્રુદ્ધ અજુદ્ધ પ્રભુ અતિશુદ્ધ પ્રબુદ્ધ સમૃદ્ધ વિભૂ;
પરમાતમ પૂરન પાયક હો, સબ સિદ્ધ નમો સુખદાયક હો. ૮
વિરૂપ ચિદ્રૂપસ્વરૂપ દ્યુતી, જસકૂપ અનૂપમભૂપ ભુતી;

કૃતકૃત્ય જગત્રયનાયક હો, સબ સિદ્ધ નમો સુખદાયક હો. ૯
સબ ઈષ્ટ અભીષ્ટ વિશિષ્ટ હિતૂ, ઉતકિષ્ટ વરિષ્ટ ગરિષ્ટ મિતૂ;
શિવ તિષ્ટત સર્વ સહાયક હો; સબ સિદ્ધ નમો સુખદાયક હો. ૧૦

જય શ્રીધર શ્રીધર શ્રીવર હો, જય શ્રીકર શ્રીભર શ્રીઝર હો,
જય રિદ્ધિ સુસિદ્ધિ બઢાયક હો, સબ સિદ્ધિ નમો સુખદાયક હો. ૧૧

---

## શ્રી પાર્શ્વનાથ સ્તોત્ર

( ભુજંગી પ્રયાત, છંદ )

નરેન્દ્રં ફણીન્દ્રં સુરેંદ્રં અધીસં, શતેન્દ્રં સુ પૂજે ભયે નાય શીશં;
મુનીંદ્રં ગણેન્દ્રં નમે જોડ હાથં, નમો દેવદેવં સદા પાર્શ્વનાથં. ૧

ગજેન્દ્રં મૃગેંદ્રં ગહો તૂ છુડાવે, મહા આગ તે નાગતે તૂં બચાવે;
મહાવીર તે યુદ્ધમેં તૂં જીતાવે, મહા રોગ તે બંધ તે તૂં છુડાવે. ૨

દુઃખી દુઃખ હર્તા સુખી સુખ કર્તા, સદા સેવકોંકો મહાનંદ ભર્તા;
મહા સંકટો સે નિકાલે વિધાતા, સબે સંપદા સર્વકો દેહી દાતા. ૩

મહા ચોર કો વજ્રકો ભય નિવારે, મહા પૌન કે પુંજ તે તું ઉબારે;

મહા ક્રોધકી અગ્નિ કો મેઘ ધારા, મહા લોભ શૈલેશ કો
વજ્ર ભારા. ૪
મહા મોહ અંધેર કો જ્ઞાનભાનુ, મહા કર્મ કાંતાર કો
દો પ્રધાનં;
કીયે નાગ નાગિન અધોલોક સ્વામી, હરો માન તુ દૈત્ય
કા હો અકામી. ૫
તુંહીં કલ્પવૃક્ષં તુંહીં કામધેનું, તુંહીં દિવ્ય ચિંતામણિ
નાગ એનં;
પશુ નર્ક કે દુઃખસે તું છુડાવે, મહા સ્વર્ગ મેં મુક્તિ મેં
તું વસાવે. ૬
કરે લોહકો હેમ પાષાણ નામી, રટે નામ સે ક્યોં ન હો
મોક્ષગામી;
કરે સેવ તાકી કરે દેવ સેવા, સુને વૈન સોહી લહે જ્ઞાન
મેવા. ૭
જપે જાપ તાકો નહિ પાપ લાગે, ધરે ધ્યાન તાકે સબે
દોષ ભાગે;
વિના તોહી જાને ધરે ભવ ઘનેરે, તુમ્હારી કૃપા તે સરે
કાજ મેરે. ૮

# શ્રી પ્રભુ સ્તુતિ

(ચોપાઈ)

મૈં તુમ ચરણ કમલ ગુણગાય, બહુવિધિ ભક્તિ કરું મન લાય;
જનમ જનમ પ્રભુ પાઉં તોહિ, યહ સેવાફલ દીજે મોહી; ૧
કૃપા તિહારી ઐસી હોય; જામન મરન મિટાવો મોય;
વાર વાર મૈં વિનતિ કરું, તુમ સેયે ભવસાગર તરું. ૨
નામ લેત સબ દુઃખ મિટ જાય, તુમ દર્શન દેખ્યા-પ્રભુ આય;
તુમ હો પ્રભુ દેવનકે દેવ, મૈં તો કરું ચરણ તવ સેવ. ૩
મૈં આયો પૂજનકે કાજ, મેરો જન્મ સફલ ભયો આજ;
જો મુજ સેવકકી અરદાસ, સો સબ રહી જ્ઞાન મેં ભાસ. ૪
યાતે નહિં કછુ કહની પરે, તુમહી તે સબ કારજ સરે;
તુમરે ગુણાં કો સ્વામી અંત ન પાર, તુમ વિન કોન લગાવે પાર. ૫
"તાર તાર" વિલ મત કર દેવ, એહિ વિરદ સુન તારન એવ;
પૂજા કરકે નવાઉં નિજ શીશ, મુજ અપરાધ ક્ષમહુ જગદીસ. ૬

---

# શ્રી મહાવીર સ્તુતિ

(ત્રોટક છંદ)

જય કેવલ ભાનુ કલાસદનં, ભવિકોક વિકાશન કંદવનં;
જગજીત મહારિપુ મોહહરં, રજજ્ઞાન દ્રગાવર ચૂરકરં. ૧
ગર્ભાદિક મંગલ મંડિત હો, દુઃખ દારિદકો નિત ખંડત હો;
જગમાંહી તુમ્હીં સત્પંડિત હો, તુમહી ભવભાવ વિહંડિત હો. ૨

હરિવંશસરોજનકો રવિ હો, બલવંત મહંત તુમ્હીં કવિ હો;
લહી કેવલધર્મ પ્રકાશ કિયો, અબલો સોઈ મારગ રાજતિયો. ૩

પુની આપ તને ગુનમાંહી સહી, સુર મગ્ન રહે જીતને સબહી;
તિનકી વનિતા ગુન ગાવત હૈ, લય માનનિસોં મનભાવત હૈ; ૪

પુનિ નાચત રંગ ઉમંગ ભરી, તુવ ભક્તિવિષે પગ યેમ ધરી;
ઝનનં ઝનનં ઝનનં ઝનનં, સુરલેત તહાં તનનં તનનં ૫

કઈ નારિ સુબીન બજાવતી હૈ, તુમરો જસ ઉજ્વલ ગાંવતિ હૈ;
કરતાલ વિષે કરતાલ ધરે, સુરતાલ વિશાલ જુ નાદ ધરે. ૬

ઈન આદિ અનેક ઉછાહ ભરી, સુરભક્તિ કરે પ્રભુજી તુમરી;
તુમહી જગજીવનકે પિતુ હો, તુમહી વિન કારનતેં હિતુ હો. ૭

તુમહી સબ વિઘ્ન વિનાશ ન હો; તુમહી નિજ આનંદ ભાસન હો;
તુમહી ચિતચિંતિત દાયક હો, જગમાંહી તુમ્હી સબ લાયક હો. ૮

તુમરે પન મંગલમાંહિં સહી, જિય ઉત્તમ પુન્ન લીયો સબહી;
હમકો તુમરી સરનાગત હો, તુમરે ગુનમેં મન પાગત હૈ. ૯

પ્રભુ મો હીય આપ સદા બસિયે, તબલોં વસુકર્મ નહિં નસિયે;
તબલોં તુમ ધ્યાન હિયે બરતો, તબલોં શ્રુતચિંતન ચિત્ત રતો. ૧૦

તબલોં વ્રત ચારિત ચાહતુ હો, તબલોં શુભભાવ સુગાહતુ હો;
તબલોં સત્‌સંગતિ નિત્ત રહો, તબલોં મમ સંજમ ચિત્તગહો. ૧૧

જબલોં નહિં નાશ કરોં અરિકો, શિવનારી વરો સમતા ધરીકો;
યહ દ્યો તબલોં હમકો જિનજી, હમચાહતુ હૈ ઈતની સુનજી. ૧૨

---

# શ્રી અરનાથ જિન સ્તુતિ

( ત્રોટક છંદ )

જય શ્રીધર શ્રીકર શ્રીપતિજી, જય શ્રીવર શ્રીભર શ્રીમતિજી,
ભવભીમ ભવોદધિ તારન હૈ અરનાથ નમોં સુખકારન હૈ.
ગરભાદિક મંગલ સાર ધરે, જગ જીવનિકે દુઃખદંદ હરે,
કુરુવંશ શિખામનિ તારન હૈ, અરનાથ નમોં સુખકારન હૈ.
કરિ રાજ છખંડ વિભૂતિ મઈ, તપ ધારત કેવલબોધ ઠઈ,
ગણુ તીસ જહાં ભ્રમ વારન હૈ, અરનાથ નમોં સુખકારન હૈ.
ભવિ જીવનિકો ઉપદેશ દિયો, શિવહેત સર્વજન ધારિ લિયો,
જગકે સબ સંકટ ટારન હૈ, અરનાથ નમોં સુખકારન હૈ
ફિર આપ અઘાતિ વિનાશ સબે, શિવધામ વિષે થિત કીન તબે,
કૃતકૃત્ય પ્રભુ જગતારન હૈ, અરનાથ નમોં સુખકારન હૈ.
અબ દીનદયાલ દયા ધરિયે, મમ કર્મ કલંક સબે હારયે,
તુમરે ગુનકો કછુ પાર ન હૈ, અરનાથ નમો સુખકારન હૈ.

---

# શ્રી ગુરુરાજ સ્તુતિ

શ્રી ગુરુરાજ તેરા ચરણો મેં શિર નમાવું,
મેં ભક્તિ ભેટ આપની બલિદાન મેં ચડાવું;
બ્રહ્માંડમાંહી ભાનુ તેરી આરતી ઉતારે,
શ્રી ગુરુદેવ તેરો મહિમા દિગન્તે ગાજે;

કુંદકુંદે કુંદન રોપ્યાં અમૃતે અમૃત રેડયાં,
કાન પ્રભુએ ઘાટ ઘડિયા અચિંત્ય કાજ સરિયા;
કુંદકુંદ મુખારવિંદતે પ્રગટી એ દિવ્યવાણી,
ગુરુજી ઘટ વ્યાપી પરમ પ્રકાશ પામી.

મંગળતરુ ધરનારી ભવજળ તારનારી,
બંધ વિદારણહારી મુક્તિની એ નિસરણી;
શ્રી સમયસાર વાણી ત્રિજગ હિતકારી,
મહિમા કરું શી તેરી અલ્પ મતિ છે મેરી;

હે સદ્‌ગુરુ દેવા સુરરાજ સારે સેવા,
મોક્ષમાર્ગ એવા સમયસાર આપ્યા મેવા;
હે જય જગત ત્રાતા હે જય જગત ભ્રાતા,
હે સુખશાંતિ દાતા સેવક દાન દાતા;

પ્રભુ! જય મંગળકારી છો મહા ઉપકારી,
પૂર્ણ સ્વરૂપનો હું પ્યાસી આશ પૂરજો હે સ્વામી;
પરભાવના વિસામે શરણે આવ્યો હું તારે,
વ્યવહાર વિભક્તે સ્વભાવમાં એકત્વે;

તેરે હી કામ આવું તેરા હી મંત્ર ગાઉં,
મન ઓર દેહ તેરા બલિદાન મેં ચડાઉં;
સેવા મેં તેરી સારી તનકો મેં ભૂલ જાઉં,
મેં ભક્તિ ભેટ આપની બલિદાન મેં ચડાઉં.

---

# શ્રી સદ્‌ગુરુવાણી સ્તુતિ

જ્ઞાન સિંધુ ગુરુ વદનથી, વચનામૃત વૃષ્ટી થઈ,
શાંતિ શાંતિ પરમ શાંતિ સર્વદા ફેલી રહી;
વિગત દોષં સુગુણ કોષં, છે શિવંકર તે સહી,
દુષ્ટ થોક કર્મ રોગ, પીડા સૌ દૂરે ગઈ. ૧

ભવ્ય જીવો કરે પાન, ચિત્તમાં મુદિત થઈ,
કષાયોની દુષ્ટ આગ સ્પર્શતાં બૂઝી ગઈ;
વિભાવોની જે પિપાસા, શમીને શાંતિ થઈ.
શ્રુતધારી દૃષ્ટ જ્ઞાતૃ, દોષાતીત જે સહી; ૩

જેના સ્યાદવાદે નાઠા કુવાદી ઝાંખા થઈ,
તે શ્રી કહાન ગુરુજીને, સુરેશ સ્તવે આનંદ થઈ;
તેહનું જે દર્શ પામે, તેહ ધન્ય! ધન્ય! છે સહી,
સંતોષથી તે અલ્પકાલે, પામશે સુખ શિવમયી. ૩

---

# શ્રી પાર્શ્વજિન સ્તવન

(રાગ—ભારી બેડાને હું તો પૂજું)

મુક્તિ લેવાને પ્રભુ મેં સેવ્યા રે લાલ,
પ્રગટ પ્રભાવી પ્રભુ પાર્શ્વ જો, અમર હો જાવ સિદ્ધિ કાંઠડે રે લાલ
પારસ રસ સમ પામિયા રે લાલ,
કરો પારસ નિજગુણ માંય રે.—અમર હો જાવ.

પંચમકાળે પ્રભુ ગાજતા રે લાલ,
ભવિ સેવે સવિસુખ થાય રે,—અમર હો જાવ.
સાધક શિર પ્રભુ શોભતા રે લાલ,
ભવવલ્લી અમારી છેદાય રે,—અમર હો જાવ.

---

## શ્રી જિન સ્તવન

ભવિ ભાવે જિનાલય આવો, પ્રભુ મુખ જોવાને;
મને લાગ્યો છે પ્રેમ પ્રભુ તારો, પરમ સુખ પાવાને.-ભાવિ.

( સાખી )

ભવ વનમાં ભૂલો પડયો, કાંઈ ન દીઠું સુખ,
ભૂખ્યો તરસ્યો આવિયો, હવે જાશે તે મારાં દુઃખ-પરમ. ૧

જ્ઞાન જયું શારદ ચંદલો, દીઠે પરમ કલ્યાણ,
પ્રભુ તુજ ધર્મના રાજમાં, ન રંજે મોહ નૃપ આણ.-પરમ. ૨

આજદિન મારો સવિ ફળ્યો, જાગ્યા પુણ્ય અંકુર;
ભૂખ્યા જયું ભવિ પ્રાણીને, મીલે મહા ઘૃતપૂર.—પરમ. ૩

આતમ અનુપમ દીપતો, કેવળ સુખ અનૂપ;
ત્રિકરણ જોગે ધ્યાવતાં, જાએ પૂરવના ફંદ.—પરમ. ૪

સાહિબ મારા આપજો, સેવક મુક્તિ નિવાસ;
પ્રતાપ તારો શોભશે, ઈમ જપે ભગત તુજ પાસ-પરમ. ૫

---

# નિર્વાણકાંડ સ્તુતિ

ચોપાઈ—રાગ

અષ્ટાપદ આદીશ્વર સ્વામી વાસુપૂજ્ય ચંપાપુરિ નામિ;
નેમિનાથ સ્વામી ગિરનાર, વન્દો ભાવ ભગતિ ઉર ધાર.
ચરમ તીર્થંકર ચરમ શરીર, પાવાપુરિં સ્વામી મહાવીર;
શિખર સમેદ જિનેશ્વર વીશ, ભાવ સહિત વન્દો નિશદીસ.

વરદત્તરાય રુ ઇન્દ્ર મુનિંદ, સાયરદત્ત આદિ ગુણવૃંદ;
નગર તારવર મુનિ [1]ઉઠકોડી, વન્દો ભાવ સહિત કર જોડી.
શ્રી ગિરનાર શિખર વિખ્યાત, કોડી બહત્તર અરુ સૌ સાત;
શંબુ પ્રદ્યુમ્ન કુમર દ્વૈ ભાય, અનિરુધ આદિ નમું તસુ પાય.

રામચંદ્ર કે સુત દ્વૈ વીર, લાડ નરિંદ આદિ ગુણધીર;
પાંચ કોડિ મુનિ મુક્તિ મઝાર, પાવાગિરિં વન્દો નિરધાર.
પાંડવ તીન દ્રવિડ રાજાન, આઠ કોડિ મુનિ મુક્તિ પયાન;
શ્રી શત્રુંજય ગિરિકે શીશ, ભાવ સહિત વન્દો નિશદીસ.

જે બલભદ્ર મુક્તિમેં ગયે, આઠ કોડિ મુનિ ઓર હિ ભયે,
શ્રી ગજપંથ શિખર સુવિશાલ, તિનકે ચરણ નમું તિહુંકાલ.
રામ હનૂ સુગ્રીવ સુડીલ, ગવગવાખ્ય નીલ મહાનીલ;
કોડિ નિન્યાણવે મુક્તિપયાન, તુંગીગિરિ વન્દો ધરી ધ્યાન.

---

૧ સાડાત્રણકરોડ.

સમવસરણ **શ્રી**પાર્શ્વ જિનંદ, રેસંદીગિરિ નયનાનન્દ;
વરદત્તાદિ પંચ ઋષિરાજ, તે વન્દો નિત ધરમ જિહાજ.
તીન લોકકે તીરથ જહાં, નિત પ્રતિ વંદન કીજે તહાં;
મન વચ કાય સહિત સિરનાય, વંદન કરહિ ભવિક ગુણગાય.
સંવત સતરહસૌ ઇકતાલ, આશ્વિન સુદી દશમી સુવિશાલા;
"ભૈયા" વંદન કરહિ ત્રિકાલ, જય નિર્વાણકાંડ ગુણમાલ.

## અધ્યાત્મમૂર્તિ શ્રી સદ્‌ગુરુદેવ સ્તવના.

શાશન તણાશિરોમણિ સ્તવના કરું "ગુરુ કહાનની"
તુજ દિવ્યમૂર્તિ જળહળે અધ્યાત્મરસના રાજવી ૧

અધ્યાત્મ કલ્પવૃક્ષના ફળનો રસીલો તું થયો.
તું શીઘ્ર રસ સાધક બન્યો અંતર તણી સૃષ્ટિ લહ્યો. ૨

તું લોક સંજ્ઞા જીતિને અલમસ્ત થઈ જગમાં ફર્યો,
પરમાત્મનું ધ્યાન જ ધરી તુજ આત્મને સ્વચ્છ જ કર્યો. ૩

પ્રતિબંધ ટાળી લોકનો આનંદની મોજે રહ્યો,
તેં શુદ્ધ ચૈતન ધર્મનો અનુભવ હૃદયમાંહી લહ્યો. ૪

અંતર તણા આનંદમાં શુરતા લગાવી પ્રેમથી,
શુભ દ્રવ્ય ભાવે તપ તપેથી શુદ્ધિ કરી શુભ નેમથી. ૫

નીંદા કરી ના કોઈની નીંદા કરી સહુ તેં સહી,
શુદ્ધ આત્મરસ ભોગીભ્રમર શુભ દષ્ટિ તારામાં રહી. ૬

ઔદાર્ય ને તેં આદરી જગમાં જણાવ્યું બોલથી,
આચારમાં મૂકી ઘણું જોયું અનુભવ તોલથી. ૭

તારા હૃદયની ગૂઢતા ત્યાં મૂઢ જનની મૂઢતા,
જે આત્મ યોગી હોય તે જાણે ખરે તવ શુદ્ધતા. ૮

